dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 281 | AD - 2025, Ashadh Vad-05 | Tuesday, Dt.15-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## નેશનલ હેરાલ્ડ કેસમાં કોર્ટે નિર્ણય અનામત રાખતા

# સોનિયા-રાહુલ ગાંધીની મુશ્કેલી વધે તેવી સંભાવના

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૪

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્યો સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ફરિયાદની નોંધ લેતા પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. કોર્ટે કેસમાં ચુકાદો જાહેર કરવા માટે ૨૯ જુલાઈની તારીખ નક્કી કરી છે.

નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકો સામે ઈડીની ફરિયાદની નોંધ લેવા પર દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે આદેશ અનામત રાખ્યો છે. પાછલી સુનાવણીમાં, નેશનલ હેરાલ્ડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રાઉઝ એવન્યુ કોર્ટમાં સ્પેશિયલ જજ વિશાલ ગોગનેની કોર્ટને કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીને દાન આપનારાઓ સાથે છેતરપિંડી કરવામાં આવી છે. ઈડી અનુસાર, કોંગ્રેસને દાન આપનારા કેટલાક લોકોને પાર્ટી ટિકિટ પણ આપવામાં આવી હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે દાતાઓ સાથે છેતરપિંડી કરવામાં આવી છે.

ઈડી વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ દલીલ કરી હતી કે ગાંધી પરિવારનો દાવો કે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ પર તેમનું કોઈ નિયંત્રણ નથી તે ખોટો છે. તેમણે કહ્યું કે AJL નેશનલ હેરાલ્ડનું મૂળ પ્રકાશક છે અને તેનું નિયંત્રણ ગાંધી પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે. આ કેસની આગામી સુનાવણી ૧૪ જુલાઈના રોજ થવાની હતી.



આ કેસમાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, દિવંગત કોંગ્રેસ નેતા મોતીલાલ વોરા, ઓસ્કર ફર્નાન્ડિઝ, સુમન દુબે, સેમ પિત્રોડા અને ખાનગી કંપની યંગ ઈન્ડિયન પર કાવતરું અને મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો છે. EDનો દાવો છે કે યંગ ઈન્ડિયન કંપનીએ એજેએલની લગભગ ૨૦૦૦ કરોડ રૂપિયાની મિલકત કપટથી હડપ કરી હતી. ઈડીનું કહેવું છે કે યંગ ઈન્ડિયનમાં રાહુલ અને સોનિયા ગાંધીનો ૭૬ ટકા હિસ્સો છે. આ હિસ્સા દ્વારા, તેમણે AJLની મિલકતો પર નિયંત્રણ મેળવ્યું. એજન્સીનો આરોપ છે કે માત્ર ૯૦ કરોડ રૂપિયાની લોનના બદલામાં આટલી મોટી મિલકત યંગ ઈન્ડિયનના કબજામાં આવી, જે મની લોન્ડરિંગ કાયદાનું ઉલ્લંઘન છે.

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી વતી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કોર્ટમાં પોતાની દલીલો પૂર્ણ કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે આ કેસમાં કોઈ છેતરપિંડી થઈ નથી અને સમગ્ર પ્રક્રિયા કાયદેસર રીતે કરવામાં આવી હતી. અગાઉ, ૩ જુલાઈના રોજ, ED એ કહ્યું હતું કે ગાંધી પરિવાર યંગ ઈન્ડિયનનો વાસ્તવિક માલિક છે અને તેમનું કંપની પર સંપૂર્ણ નિયંત્રણ છે.

ઈડીએ ગાંધી પરિવાર અને અન્ય લોકો સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની કલમ ૩ (મની લોન્ડરિંગ) અને કલમ ૪ (મની લોન્ડરિંગ માટે સજા) હેઠળ ચાર્જશીટ દાખલ કરી છે. સુમન દુબે, સેમ પિત્રોડા, સુનીલ ભંડારી, યંગ ઈન્ડિયન અને ડોટેક્સ મર્ચેન્ડાઇઝ પ્રાઈવેટ લિમિટેડ પણ આ કેસમાં આરોપી છે.












## ગોવા અને હરિયાણાના રાજ્યપાલ, લદ્દાખના ઉપરાજ્યપાલ બદલાયા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૪

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશના બે રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં નવા રાજ્યપાલ અને લેફ્ટનન્ટ ગવર્નરની નિમણૂક કરી છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા સોમવાર, ૧૪ જુલાઈ, ૨૦૨૫ ના રોજ જારી કરાયેલી એક અખબારી યાદીમાં આ જાહેરાત કરવામાં આવી છે. માહિતી અનુસાર, હરિયાણા અને ગોવાના રાજ્યપાલોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. તે જ સમયે, લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર પદ પર પણ નવી નિમણૂક કરવામાં આવી છે.

રાષ્ટ્રપતિ ભવને માહિતી આપી છે કે ભારતના રાષ્ટ્રપતિએ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર પદ પરથી બ્રિગેડિયર (ડૉ.) બી.ડી. મિશ્રા (નિવૃત્ત) નું રાજીનામું સ્વીકારી લીધું છે. ભારતના રાષ્ટ્રપતિએ નીચેની રાજ્યપાલ / લેફ્ટનન્ટ ગવર્નર નિમણૂકો પણ કરી છે.

પ્રો. આશિમ કુમાર ઘોષને હરિયાણાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. પુષ્પતિ અશોક ગજપતિ રાજુને ગોવાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન કવિંદર ગુપ્તાને લદ્દાખના નવા લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તે જ સમયે, બ્રિગેડિયર (ડૉ.) બી. ડી. મિશ્રા (નિવૃત્ત)નું રાજીનામું સ્વીકારવામાં આવ્યું છે. પ્રો. આશીમ કુમાર ઘોષ એક પ્રખ્યાત શિક્ષણવિદ અને રાજકીય વિચારક છે. તેમને બંડારુ દત્તાત્રેયના સ્થાને હરિયાણાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.










# જિલ્લાના અનેક તાલુકાઓમાં મેઘરાજાના રિસામણા, સારા વરસાદની આશા

**વરસાદ ખેંચાતા ખેડૂતોના ચહેરા પર ચિંતાના વાદળો**

અમરેલી,તા.૧૪

સૌરાષ્ટ્રમાં ચાલુ વર્ષે મે મહિનામાં કમોસમી વરસાદ ખાબક્યો હતો. જેમાં અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ પડતા હવે અષાઢી માહોલમાં પણ જિલ્લાના અનેક તાલુકાઓમાં મેઘરાજા મન મૂકીને વરસતા નથી. આ વર્ષે ખુબ સારૂ ચોમાસુ રહેવા સાથે મેઘમહેર થવાની આશા-આગાહીઓ થઈ હતી પરંતુ કોરાધાકોડ જેવા રહેલા અષાઢ મહિનાએ તેના પર પાણીઢોળ કરી નાંખ્યું છે. શ્રાવણ મહિનો ચાલુ થવાની તૈયારીમાં છે. જો કે ખાસ કરીને બગસરા, ધારી, જાફરાબાદ, અમરેલીમાં ૫૦% કરતા પણ ઓછો વરસાદ નોધાયો છે. ભીમ અગિયારસ દિવસે ખેડૂતોએ સારા વરસાદની આશા સાથે મુહૂર્ત કરી ખેતરમાં ચોમાસુ પાકનું વાવેતર કરી દીધું હતું પરંતુ આજે જિલ્લાના અનેક તાલુકાઓમાં અષાઢ માસની શરૂઆત બાદ પણ વરસાદ ન આવતા ખેડૂતો ચિંતાતુર બની વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. સૌરાષ્ટ્રનાં ૧૧ જિલ્લાઓમાં ગત વર્ષે આ સમય દરમિયાન અધધ ૯૨% વરસાદ વરસી ચૂકયો હતો. હાલમાં પિયતની સગવડ ધરાવતા ખેડૂતો વેચાતું પાણી લઈને પણ પોતાનો પાક બચાવવામાં પડી ગયા છે. પરંતુ, વરસાદ જ ખેડૂતો માટે આધાર છે તેવા ખેડૂતોની હાલત કફોડી થઈ ચૂકી છે અને તેઓ વરસાદ પડે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. ચાલુ ચોમાસે અત્યાર સુધીમાં જિલ્લામાં ખાસ કરીને બાબરા, સાવરકુંડલા, વડીયા પંથકમાં જ સારો વરસાદ નોંધાયો છે જયારે અન્ય તાલુકાઓમાં મેઘરાજા રિસાયા હોય તેવું લાગી રહ્યું છે.

**વાદળોની સંતાકૂકડીમાં સારા વરસાદની રાહ**

અમરેલી જિલ્લાના અમુક તાલુકાઓમાં જોઈએ તેવો વરસાદ નહી વરસતા ખેડૂતોના ચહેરા પર ચિંતાના વાદળો છવાયા છે. કપાસ, મગફળી, સોયાબીનનું વાવેતર કરી નાખ્યા બાદ મેઘરાજા મન મૂકીને વરસતા નથી. જો વરસાદ ખેંચાશે તો ખેડૂતોને પાક નિષ્ફળ જશે તેવો ભય સતાવી રહ્યો છે.

**મુંજીયાસર ડેમમાં નવા નીરની આવક નહીં**

બગસરા પંથક માટે ખેતીવાડી માટે જીવાદોરી સમાન મુંજીયાસર ડેમ ખાલીખમ જોવા મળી રહ્યો છે. અડધો અષાઢ માસ વીતિ ગયો હોવાછતાં માત્ર વરસાદી ઝાપટા આવતા ડેમમાં નવા નીરની આવક થઈ નથી જેના કારણે ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે. મેઘરાજા પોતાનું હેત વરસાવે તેવી લોકો પ્રાર્થના કરી રહ્યા છે.

# લીલીયાના પી.આઈ. ગીડાની બગસરા બદલી થતા ભવ્ય વિદાયમાન અપાયું

લીલીયા,તા.૧૪

લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.જે.ગીડા ની લીલીયા પોલીસ સ્ટેશનથી બગસરા પોલીસ સ્ટેશન ખાતે બદલી થતાં પીઆઈનો ભવ્ય વિદાયમાન કાર્યક્રમ લીલીયા પોલીસ સ્ટાફ દ્વારા યોજવામાં આવ્યો હતો. આ તકે લીલીયા પોલીસ પરિવાર



દ્વારા સાકર, પડો, પુષ્પગુચ્છ, મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે પી.આઈ.એ લીલીયા પોલીસ સ્ટાફને કાયદાકીય કાર્યવાહી કરવા અને કોઈપણ બનાવમાં ત્વરિત કાર્યવાહી કરવા અને કાયદો વ્યવસ્થા જાળવવા અંગે ખાસ સૂચનો આપ્યા હતા. લીલીયા પોલીસ ઈન્સ્પેક્ટર ગીડાને પોલીસ સ્ટાફે પુષ્પવર્ષા કરી ભવ્ય વિદાયમાન આપ્યું હતુ. બગસરાના પીઆઈ સાળુકેને લીલીયાની જવાબદારી સોંપવામાં આવી છે.

# અમરેલીમાં ડો. બી.ડી. કાકડીયાની ૨૫મી પુણ્યતિથિ ઉજવાઈ

અમરેલી,તા.૧૪

અમરેલીના સેવાભાવી અને કર્મઠ તબીબ ડો. બી.ડી. કાકડીયાની ૨૫મી પુણ્યતિથિ નિમિત્તે અમરેલી શહેરની નામાંકિત સંસ્થાઓ – લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી), સરસ્વતી વિદ્યામંદિર અને કર્મયોગી સેવા ટ્રસ્ટ-ડો. કાકડીયા સ્મૃતિ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે એક સ્મરણાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ તેમના સેવાકાર્યોને સતત પ્રવાહિત કરવાનો હતો. આ પ્રસંગે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મેદસ્વીતા



મુક્ત ગુજરાત અંતર્ગત આયોજિત 'જંકફુડને જાકારો' વકૃત્વ સ્પર્ધાના વિજેતાઓને લાયન્સ ક્લબ ઓફ અમરેલી(સિટી) તરફથી મોમેન્ટો અને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં પ્રથમ ક્રમે ધ્રેવાંશીબા રાજેન્દ્રસિંહ ઝાલા, દ્વિતીય ક્રમે હેત નિરજકુમાર સાદરણી અને તૃતીય ક્રમે દિયા જયેશભાઈ કારીયા વિજેતા બન્યા હતા. કાર્યક્રમમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. વલ્લભભાઈ કથીરીયા, મહુવાના સેવાભાવી ડો. મોટકા, કનુભાઈ કલસરીયા, કાંતાબેન કથીરીયા, સુરેન્દ્રનગર-મોરબીના ડો. બાવરવા, જયંતિભાઈ પટોળીયા, વિમળાબેન કાકડીયા, લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી)ના પ્રમુખ ઋજુલભાઈ ગોંડલિયા, સહિતના હાજર રહ્યાં હતા.

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈનનો શપથ ગ્રહણ સમારંભ યોજાયો

અમરેલી,તા.૧૪

લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈનનો વર્ષ ૨૦૨૫-૨૬ માટેનો શપથ ગ્રહણ સમારંભ તા. ૧૨ જુલાઈ, ૨૦૨૫ ના રોજ લેઉવા પટેલ વાડી ખાતે ભવ્ય રીતે યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ અને ઉદ્‌ઘાટક તરીકે લાયન્સ પૂર્વ ગવર્નર વસંતભાઈ મોવલીયા ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ઈન્સ્ટોલિંગ ઓફિસર તરીકે ફર્સ્ટ વાઈસ ગવર્નર લાયન ડો. હાર્દિક મહેતાએ સેવા આપી હતી. કાર્યક્રમની શરૂઆત સ્વાગત અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ સર્વ મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ વિરોધપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, કાંતિભાઈ વઘાસિયા, પૂર્વ પ્રમુખ રાજેશ વિઠલાણી, રીજીયોનલ ચેરમેન જયેશ પંડ્યા, કાળુભાઈ સંઘાણી, ઝોન ચેરમેન કૌશિક



હપાણી, જયંતીભાઈ પાનસુરીયા, સંઘ ચેરમેન રાજુભાઈ માંગરોળિયા, બ્રહ્મસમાજના મુકુંદભાઈ મહેતા સહિત અનેક અગ્રણીઓ અને લાયન સભ્યો હાજર રહ્યા હતા. પરેશભાઈ ધાનાણી, અશ્વિનભાઈ સાવલિયા અને મુકુંદભાઈ મહેતાએ તેમના પ્રાસંગિક પ્રવચનોમાં લાયન્સ ક્લબ દ્વારા થતી સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. શપથ ગ્રહણ સમારંભમાં ઈન્સ્ટોલિંગ ઓફિસર લાયન ડો. હાર્દિક મહેતાએ નવા લાયન વર્ષ ૨૦૨૫-૨૬ માટે પ્રમુખ તરીકે લાયન બકુલ ભટ્ટ, સેક્રેટરી તરીકે લાયન રજનીકાંત ધોરાજીયા તથા ખજાનચી તરીકે લાયન નંદલાલ તળાવિયા અને તેમની સમગ્ર ટીમને શપથ લેવડાવ્યા હતા. તેમણે નવી ટીમને કાર્યપદ્ધતિનું માર્ગદર્શન પણ આપ્યું હતું.

# ખુબ જ ઉંચો સામાન ભરેલો ટ્રક સાવરકુંડલામાં પ્રવેશ્યો, એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલાના જેસર રોડ પર ઓવર-હાઈટેડ સામાન ભરેલો એક ટ્રક જોખમી રીતે ગામમાં પ્રવેશ્યો હતો. આ ટ્રક પસાર થતાં, રસ્તાની બાજુમાં જોખમી રીતે બાંધેલી એક મોટી સિમેન્ટની ટાંકીનું દોરડું તૂટી ગયું હતું. પરિણામે, ટાંકી પર બાંધેલી લોખંડની ભારે ગ્રિલ ફૂટપાથ પર ઉભેલા એક વ્યક્તિ પર પડતા તેમને ગંભીર ઈજા પહોંચી હતી. આ ઘટના વિદ્યાર્થીઓના શાળાએ જવાનો અને આવવાનો સમય હતો ત્યારે બની હતી. સદનસીબે, બાજુમાં આવેલી ગુરુકુળ સ્કૂલના બાળકો લોખંડની ભારે ગ્રિલ પડતા બચી ગયા હતા. આ રાક્ષસી ટ્રકને અમરેલી રોડ પર પહોંચવાનું હતું. દિવસ દરમિયાન આવા ઓવર-હાઈટેડ વાહનોના ગામમાં પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં, આ ટ્રક દિવસે ખુલ્લેઆમ શહેરમાંથી પસાર થયો હતો. આ ઘટનાને પગલે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે અને તંત્રની નિષ્ક્રિયતા પર સવાલો ઉઠી રહ્યા છે. જાહેરનામાનો ભંગ કરીને આવા વાહનોને શહેરમાંથી પસાર થવા દેવા બદલ જવાબદાર કોણ તે અંગે તપાસની માંગણી કરવામાં આવી રહી છે.

# રાજુલા તાલુકાના દાતરડી ગામમાં રામતલા નદી પર આવેલા બ્રિજ પર ભારે વાહનો પ્રતિબંધિત

અમરેલી, તા.૧૪

રાજુલા તાલુકાના દાતરડી ગામમાં રામતલા નદી પરના બ્રિજની નબળી સ્થિતિને ધ્યાનમાં રાખીને, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) હેઠળ જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામા મુજબ, દાતરડી ખાતેના માઈનોર બ્રિજ પરથી તમામ ભારે થી અતિભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મહુવાથી રાજુલા અને રાજુલાથી મહુવા તરફ જતા આવા વાહનોએ વૈકલ્પિક રૂટ તરીકે દાતરડી બાયપાસ પરના NHAI-૫૧ માર્ગનો ઉપયોગ કરવો પડશે. આ પ્રતિબંધ તા. ૧૪ જુલાઈ, ૨૦૨૫ થી બ્રિજનું સમારકામ પૂર્ણ ન થાય અથવા નવો બ્રિજ ન બને ત્યાં સુધી અમલમાં રહેશે. આ આદેશનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# લાઠી શહેર ભાજપ પ્રમુખ દ્વારા વિચરતી વિમુક્ત જાતિના બાળકોને ચોપડા વિતરણ કરાયું

અમરેલી, તા.૧૪

લાઠી શહેર ભાજપ પ્રમુખ દ્વારા શહેરમાં વસતા વિચરતી વિમુક્ત જાતિના બાળકો માટે એક પ્રેરણાદાયી કાર્ય કર્યું છે. બાળકોને અભ્યાસમાં ઉપયોગી થાય તે માટે બાળકોને ચોપડા વિતરણ કરી અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. શહેરમાં રહેતા વિચરતી વિમુક્ત



જાતિના બાળકો શિક્ષણ ક્ષેત્રે આગળ વધે અને ચોપડા સહિતના ખર્ચમાંથી બચે તે માટે લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોનીએ આ બાળકોને ચોપડા વિતરણ કર્યું હતું. આ અંગે ધર્મેશ સોનીએ જણાવ્યું હતું કે વિચરતી વિમુક્ત જાતિના બાળકોને શિક્ષણ માર્ગે આગળ લાવવા તે ભાજપનો ઉદ્દેશ છે. આવા કાર્યક્રમો થકી સમાજમાં શિક્ષણનું મહત્વ વધે છે. બાળકોને ચોપડા વિતરણ થતાં તેમના ચહેરા પર આનંદ છવાયો હતો.

# આવતીકાલે રાજુલા તાલુકા નિવૃત્ત કર્મચારી પેન્શનર મંડળની બેઠક મળશે

રાજુલા,ત.૧૪

રાજુલા તાલુકા નિવૃત્ત કર્મચારી પેન્શનર મંડળની આવતીકાલે બુધવારે ગાયત્રી શક્તિપીઠના હોલમાં સવારના ૯:૩૦ વાગ્યે મહત્વની બેઠક મળશે. નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ મેરૂભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે આ બેઠકમાં નિવૃત્ત કર્મચારીઓના પડતર પ્રશ્નો હોય તે લાવવા તેમજ વધુમાં વધુ પેન્શનરો હાજર રહે તે માટે પ્રયત્નો કરવા. આ બેઠકમાં અમરેલી જિલ્લા પેન્શનર મંડળના પ્રમુખ રાજુભાઈ મહેતા ખાસ હાજર રહેશે તેમ જ દરેક તાલુકા પેન્શનર મંડળના પ્રમુખ અને મંત્રીઓ પણ હાજર રહેશે તો આ બેઠકમાં દરેક પેન્શનરોને હાજર રહેવા મેરૂભાઈ મકવાણાએ અંતમાં જણાવ્યું છે.







# રાજુલા ST વર્કશોપમાં જર્જરિત પાણીનો ટાંકો ગમે ત્યારે ધબાય નમઃ થાય તેવી સંભાવના

**કોઈ અકસ્માત થાય તે પહેલા ટાંકો પાડી નાખવામાં આવે તેવી માંગ ઉઠી**

અમરેલી,તા.૧૪

રાજુલા એસટી વર્કશોપમાં ૩૦ વર્ષ જૂનો આરસીસી પાણીનો ટાંકો અત્યંત જર્જરિત હાલતમાં છે. આ ટાંકો, જેનો ઉપયોગ એસટી બસોની સફાઈ માટે થાય છે, તેમાં મોટી



તિરાડો પડી ગઈ છે અને પોપડા ખરી રહ્યા છે. આસપાસ કોઈ રહેણાંક વિસ્તાર ન હોવા છતાં, અહીં એસટી ડેપો મેનેજરનું ક્વાર્ટર અને ઓફિસ તેમજ વર્કશોપ આવેલા છે, જેથી કર્મચારીઓ માટે જોખમ ઊભું થયું છે. ટાંકાની આજુબાજુ ઊગી નીકળેલા વૃક્ષોના મૂળિયા પણ ટાંકાના પાયાને નબળો પાડી રહ્યા છે, જેના કારણે તે કોઈપણ ક્ષણે ધરાશાયી થઈ શકે છે. એસટી કર્મચારીઓમાં આ જર્જરિત ટાંકાને તાત્કાલિક પાડી નાખવાની પ્રબળ માંગ ઉઠી છે.




### સરકારે ડૂબમાં જતી જમીનનું સંપાદન કરવા અને નવો રસ્તો બનાવવા મંજૂરી આપી

# કૌશિક વેકરીયાના પ્રયાસથી ઠેબી સિંચાઈ યોજના પૂર્ણ સપાટી સુધી ભરાશે

અમરેલી,તા.૧૪

અમરેલી વિધાનસભાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના પ્રયાસથી ઠેબી સિંચાઈ યોજનાને પૂર્ણ સપાટીએ ભરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. ઠેબી સિંચાઈ યોજનામાં ૧૨૬ એફ.આર. એલ. મીટર સુધી પાણી ભરવામાં આવે તો બિનસંપાદિત જમીનમાં ઊભેલા હયાત પાકને ભારે નુકસાન થાય. એટલે આ જમીનનું સંપાદન કરવું જરૂરી બને છે. જો આવી જમીનનું સંપાદન ન થાય તો જે હેતુ માટે સિંચાઈ યોજના બની હતી એ હેતુ મુજબ પાણીનો પૂરતો સંગ્રહ ન થાય. જો આ ડેમને પૂર્ણ સપાટીએ ભરવામાં આવે તો આ ડેમમાં વધારાનું ૪૬.૩૪% વધુ પાણીનો સંગ્રહ



કરી શકાય. ડેમને પૂર્ણ સપાટીએ ભરવા માટે અમરેલી તાલુકાના ગિરિયા અને બક્ષીપુર જેવા ગામડાઓની ૧૭.૨૫ હેક્ટર જેટલી જમીનનું સંપાદન કરવું પડે. જે માટે ધારાસભ્ય વેકરીયાએ આ વિભાગના મંત્રી કુંવરજી બાવળીયાને ભારપૂર્વક રજૂઆત કરેલ. જેને ધ્યાને લઈ જળસંપત્તિ વિભાગે જરૂરી જમીન સંપાદન કરી, ડેમને પૂર્ણ કક્ષાએ ભરવા જરૂરી મંજૂરી આપેલ છે. આથી આગામી દિવસોમાં ડૂબમાં જતી રૂ.૧૩ કરોડ ૬૦ લાખના ખર્ચે જમીનનું સંપાદન કાર્ય હાથ ધરશે. આ કામ પૂર્ણ થતા ડેમમાં વધારાનું ૪૬.૩૪ % પાણી સંગ્રહી શકાશે. ઘણા વર્ષોથી ઠેબે ચડેલ ઠેબી ડેમનો આ પ્રશ્ન ઉકેલાતા આ વિસ્તારના લોકો અને ખેડૂતોને તેનો સીધો જ ફાયદો થશે.

**કામ પૂર્ણ થતા ડેમમાં વધારાનું ૪૬.૩૪ % પાણી સંગ્રહી શકાશે**

# ધારીના ફાચરિયા ગામે કોન્ટ્રાક્ટર ઉપર મકાન માલિકનો હુમલો

ધારી,તા.૧૪

ધારી તાલુકાના ફાચરિયા ગામે પૈસાની ઉઘરાણી બાબતે સેન્ટીંગના કોન્ટ્રાક્ટર ઉપર મકાન માલિકે જીવલેણ હુમલો કરતા કોન્ટ્રાક્ટરને સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યો હતો. ધારી તાલુકાના કુબડા ગામના પ્રવીણભાઈ મહિડા અને અન્ય એક વ્યક્તિ સેન્ટીંગનું કામ કર્યા બાદ મકાન માલિક પાસે રૂપિયા ૧.૨૧ લાખ માંગતા હોય જેથી પ્રવીણભાઈએ મકાન માલિક પાસે પોતાના બાકી નીકળતા નાણાંની ઉઘરાણી કરી હતી જે બાબતે મકાન માલિકને સારું ન લાગતા મકાન માલિકે સેન્ટીંગના કોન્ટ્રાક્ટર પ્રવીણભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો જેમાં પ્રવીણભાઈને ગંભીર ઈજા થતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત ધારી સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા.



તસવીર : સંજય વાળા

# અમરેલીના ચિતલ રોડ પર આવેલ વેસ્ટર્ન પાર્કમાં કોમન પ્લોટની દુરદશા : પાલિકાની નિષ્ક્રિયતા સામે રોષ

અમરેલી, તા.૧૪

અમરેલી શહેરના વેસ્ટર્ન પાર્ક, દ્વારકેશ નગર, વોર્ડ નં. ૨, ચિત્તલ રોડ પર આવેલા કોમન પ્લોટની બિસ્માર હાલત અંગે સ્થાનિક રહીશોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી આ કોમન પ્લોટ ખુલ્લો પડ્યો છે અને આસપાસના લોકો દ્વારા તેમાં કચરો નાખી ગંદકી કરવામાં આવે છે. નગરપાલિકામાં



વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી. રહીશોની મુખ્ય માંગણીઓ બ્લોક નાખવા, વૃક્ષારોપણ કરવું, બાળકો માટે રમતના સાધનો મૂકવા અને બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સ્થાપિત કરવાની છે. ૨૦૨૧ થી આ અંગે રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, નગરપાલિકા દ્વારા કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી. સ્થાનિકોએ અમરેલી સિટી એપ પર પણ રજૂઆતો કરી હતી, છતાં કોઈ પરિણામ મળ્યું નથી. આ અંગે રાકેશ ચાવડાએ ધારાસભ્ય કૌશિક વેકરીયા અને સાંસદ ભરત સુતરીયાને રજૂઆત કરી છે.

### તાત્કાલિક જરૂરીયાત હોવા છતાં ખાતર ન મળતા ખેડૂતોમાં રોષ

# સાવરકુંડલામાં યુરિયા ખાતરની અછત મુદ્દે ખેડૂતોનો વિરોધ

સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલા તાલુકા ખરીદ વેચાણ સંઘમાં યુરિયા ખાતરની અછતને કારણે ખેડૂતોએ મંગળવારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ચોમાસાની સિઝનમાં તાત્કાલિક ખાતરની જરૂરિયાત હોવા છતાં, સંઘ પાસે ૫૦ ટન યુરિયા ખાતરનો સ્ટોક હોવા છતાં તેનું વિતરણ કરવામાં આવી રહ્યું નથી. મોટી સંખ્યામાં ખેડૂતો સંઘ પહોંચ્યા અને સૂત્રોચ્ચાર કરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. સીમરણના ખેડૂત શૈલેષભાઈ પટેલે જણાવ્યું કે, સંઘને ઉપરથી ખાતર વિતરણ ન કરવાનો આદેશ મળ્યો છે. આ મુદ્દે ખેડૂતોએ મામલતદાર અને સંઘના ચેરમેનને આવેદનપત્ર સુપરત કર્યું છે. સાવરકુંડલા



તસવીર : સૌરભ દોશી

ખરીદ વેચાણ સંઘના પ્રમુખ દીપક માલાણીએ સ્પષ્ટતા કરી કે નાયબ નિયામકે ૧૫ દિવસ સુધી કોઈ ફેરફાર ન કરવા સૂચના આપી છે કારણ કે લાયસન્સ મોકૂફ કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે સંઘમાં ૨૦ ટનથી વધુ યુરિયા અને અન્ય ખાતરનો સ્ટોક ઉપલબ્ધ છે. પ્રમુખે ખાતરી આપી કે તેઓ પક્ષના આગેવાનો અને અન્ય પ્રતિનિધિઓ સાથે રજૂઆત કરશે અને સહકારી આગેવાનોની બેઠક બોલાવીને આ મુદ્દે ચર્ચા કરવામાં આવશે.

**ખેડૂતોએ સંઘના ચેરમેન અને મામલતદારને આવેદનપત્ર આપ્યું**

# સાવરકુંડલાના બાઢડામાં એચ. એન. વિરાણી હાઈસ્કૂલ ખાતે ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલા તાલુકાના બાઢડા મુકામે આવેલી શ્રી બાઢડા કેળવણી મંડળ સંચાલિત એચ. એન. વિરાણી હાઈસ્કૂલમાં ૧૦-૭-૨૫ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.



ત્યારબાદ બાળકોએ ગુરુને કુમકુમ તિલક કરી આશીર્વાદ મેળવ્યા હતા.

# લીલીયા તાલુકામાં બે બ્રિજ પર વાહનવ્યવહાર પ્રતિબંધિત, વૈકલ્પિક રૂટ જાહેર કરાયો

અમરેલી, તા.૧૪

લીલીયા તાલુકામાં આવેલા બે માઈનોર બ્રિજની બિસ્માર હાલતને પગલે અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામા અનુસાર, અંટાળીયા-સાજણટીંબા રોડ પર ગાગડિયો નદી પરના બ્રિજ પરથી તમામ વાહનો માટે પ્રવેશબંધી ફરમાવાઈ છે. વાહનચાલકો સાજણટીંબાથી હાથીગઢ, સાજણટીંબાથી લુવારિયા અથવા અંટાળીયાથી લીલીયાના વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરી શકશે. આ ઉપરાંત, કુંતાણા એપ્રોચ રોડ પર ખારી નદી પરના બ્રિજ પરથી પસાર થતા વાહનોને પણ કુંતાણાથી ખારા અથવા કુંતાણાથી ભોરિંગડાના વૈકલ્પિક રૂટ પરથી પસાર થવા જણાવાયું છે. આ પ્રતિબંધ બ્રિજનું સમારકામ પૂર્ણ ન થાય અથવા નવા બ્રિજ ન બને ત્યાં સુધી અમલમાં રહેશે અને ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી થશે.

# અમરેલીના વડેરા અક્ષર પ્રા.શાળા ખાતે અમ્બ્રેલા યુનિટ ઉભું કરાયું

**શ્રમિક પરિવારના ૬૨ બાળકોને છત્રીનું વિતરણ કરવામાં આવ્યું**

અમરેલી,તા.૧૪

અમરેલીના વડેરા અક્ષર પ્રાથમિક શાળા ખાતે ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા પરપ્રાંતીય શ્રમિક પરિવારના બાળકો કે જે વાડીઓમાંથી શાળાએ ચોમાસાની સિઝન દરમિયાન ચાલુ વરસાદે આવન-જાવન કરી રહ્યા છે, તેના માટે વરસાદથી બચવા એક અમ્બ્રેલા યુનિટ ઉભું કરવામાં આવ્યું છે, જેમાં આ શ્રમિક પરિવારના ૬૨ બાળકોને છત્રી વિતરણ કરવામાં આવી હતી, તેમજ આ છત્રીને રાખવા માટે શાળામાં એક સ્ટેન્ડ પણ બનાવવામાં આવ્યું છે, આ કાર્યક્રમમાં ગામના સરપંચ ભરતભાઈ હપાણી તેમજ ગામ આગેવાનોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને પ્રોત્સાહિત કર્યો હતો.




**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 105

**સંકુલ M.Sc. માઈક્રોબાયોલોજી - બાયોટેક્નોલોજી પ્રવેશ**
**સંકુલ M.Com. ગુજરાતી & ઈંગ્લીશ મિડીયમ પ્રવેશ**
**સંકુલ M.A. મનોવિજ્ઞાન - સમાજશાસ્ત્ર - ઈંગ્લીશ પ્રવેશ**
**સંકુલ GTU - AICTE માન્ય MBA - MCA પ્રવેશ**
**B.Pharm.-M.Pharm.-B.Ed.-PG DMLT પ્રવેશ**


**નામ બદલાવેલ છે**

આથી હું મિલન રસીકભાઈ દુધાત વયે.પુખ્ત, રહે.ભાયાવદર, તા-કુંકાવાવ/વડિયા, જિ-અમરેલી આથી હું જાહેર કરૂ છું કે, મારૂ પહેલા નામ **મિલન રસીકભાઈ દુધાત** હતું. પણ હવે હું **મિલન રમેશભાઈ ગજેરા** તરીકે ઓળખાઈશ.
સરનામુ :- મુ,ભાયાવદર, તા.કુંકાવાવ/વડિયા, જિ-અમરેલી, પીન-૩૬૫૪૫૦. (ગુજરાત)

**નામ બદલાવેલ છે**

આથી હું રંજનબેન ભાવેશભાઈ ડોબરીયા જાહેર કરૂ છુ કે, મેં મારૂ નામ દેસાઈ રંજનબાળા ધીરુભાઈમાંથી બદલાવીને રંજનબેન ભાવેશભાઈ ડોબરીયા (નવું) કરેલ છે. અને હવે પછીથી હું રંજનબેન ભાવેશભાઈ ડોબરીયા તરીકે ઓળખાઈશ.
સહી : રંજનબેન ભાવેશભાઈ ડોબરીયા
સરનામું : ઘર નં. ૩૪, શિવ મંદિર શેરી,
મું. ચારોડીયા, તા. રાજુલા, જી. અમરેલી પીન. ૩૬૫૫૬૦

**CHANGE OF NAME**

Therefor, I, **Milan Rasikbhai Dudhat,** Resident At-Bhayavadar, Ta-Kunkavav/Vadia, Dist-Amreli, Pin-365450. Gujarat, I declare that my eariler name was Milan Rasikbhai Dudhat, but form now on, I have changed my name to Milan Rameshbhai Gajera, so form today onword, I will be known as **Milan Rameshbhai Gajera**.
Resident :- Vill-Bhayavadar, Ta-Kunkavav/Vadia, Dist-Amreli, Pin-365450. (Gujarat), India

# ભારતીય વાયુસેનામાં અગ્નિવીરવાયુ બનવાની સુવર્ણ તક : ૩૧ જુલાઈ સુધીમાં કરો અરજી

અમરેલી, તા.૧૪

દેશની ઉત્કૃષ્ટ સેવા કરવાની ભાવના ધરાવતા યુવાનો માટે ભારતીય વાયુસેનામાં અગ્નિવીરવાયુ તરીકે જોડાવાની એક મહત્વપૂર્ણ તક ઉપલબ્ધ છે. ભારતીય વાયુસેના દ્વારા અગ્નિવીરવાયુની ભરતી માટે ધોરણ ૧૨ પાસ કરેલા અને ૧૬.૫ થી ૨૦ વર્ષની વય મર્યાદા ધરાવતા અપરિણીત પુરુષ તેમજ મહિલા ઉમેદવારો પાસેથી અરજીઓ આમંત્રિત કરવામાં આવી છે. રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૩૧ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં https://www.agnipathvayu.cdac.in વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અમરેલી જિલ્લા રોજગાર અધિકારી દ્વારા એક યાદીમાં જણાવાયું છે કે અરજી કરતા પૂર્વે ઉમેદવારોએ વેબસાઈટની સંપૂર્ણ મુલાકાત લઈ વિગતવાર માહિતી મેળવી લેવી હિતાવહ છે. આ તક દેશસેવામાં જોડાવા ઈચ્છુક યુવાધન માટે ખુબ જ ઉપયોગી નીવડશે.

# અમરેલીમાં ૧૭મી જુલાઈએ 'અનુબંધમ' વેબપોર્ટલ દ્વારા રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા.૧૪

અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) ખાતે તા. ૧૭ જુલાઈના રોજ સવારે ૧૧ કલાકે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં અમરેલી ડિસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર લેન્ડ રેકોર્ડ ઓફિસ માટે ૧૮ થી ૫૦ વર્ષની વય મર્યાદા ધરાવતા બી.ઈ. સિવિલ એન્જિનિયર, ડિપ્લોમા સિવિલ એન્જિનિયર, આઈ.ટી.આઈ. (સિવિલ-સર્વેયર), ઓટોકેડ/કમ્પ્યુટર જાણકાર અને માપણીનો અનુભવ ધરાવતા ઉમેદવારોની જરૂર છે. વધુમાં, રાજકોટની BONANZA LUXE SALOON માટે બ્યુટિશિયન, હેર ડ્રેસર (૧૮ થી ૨૭ વર્ષ, ધો. ૧૦ પાસ, કમ્પ્યુટર જ્ઞાન) અને કેશિયર (બી.કોમ., એમ.કોમ.), સ્ટોક મેનેજર, ફ્લોર મેનેજર (બી.બી.એ., એમ.બી.એ.) જેવી લાયકાત ધરાવતા ઉમેદવારો પણ ભાગ લઈ શકશે.

**CHANGE OF NAME**

I Undersigh I RANJANBEN BHAVESHBHAI DOBARIYA have changed my name from DESAI RANJANBALA DHIRUBHAI To RANJANBEN BHAVESHBHAI DOBARIYA (New) Now i will be known as RANJANBEN BHAVESHBHAI DOBARIYA (new)
Sigh: RANJANBEN BHAVESHBHAI DOBARIYA
Address: Resident no. of 34, SHIV MANDIR SHERI, CHARODIYA, Ta. Rajula District. Amreli-365560

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**
નં.મરણ નોંધણી/અરજી નં.૧૦/૨૦૨૫
અરજદારશ્રી:- ઠીમ રેસુબેન સલીમભાઈ ડોટર ઓફ પઠાણ દીલાવરભાઈ
રે.સીમરણ તા.સાવરકુંડલા જી.અમરેલી
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તકમશ્રી વંડા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી અમીનાબેન દીલાવરભાઈ પઠાણનું મરણ તા.૦૮/૧૦/૧૯૯૪ ના રોજ મુ.વંડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૫/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૯/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**
નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૩૯/૨૦૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫
અરજદારશ્રી:- ૧. શ્યાણી હર્ષદભાઈ દેવરાજભાઈ
રહે. ફ્લેટ નં.એ-૪, અવંટી ફ્લેટ, હંસા સોસાયટી પાછળ, એલ.એચ.રોડ, સુરત
-//વિરૂધ્ધ//-
સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી નાના ભમોદ્રા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી શ્યાણી હર્ષદભાઈ દેવરાજભાઈનો જન્મ તા.૨૦/૦૯/૧૯૭૪ ના રોજ મુ.નાના ભમોદ્રા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**




# જિલ્લામાં વિવિધ બનાવમાં એક સગીરા સહિત ચાર લોકોના મોત

**બાબરામાં એક્ટિવા આડે ગાય પડતાં યુવકે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં વિવિધ બનાવમાં એક સગીરા સહિત ચાર લોકોના મોત થયા હતા. પ્રથમ બનાવમાં લાઠીમાં રહેતા ભરતભાઈ ચુનીભાઈ મકવાણાએ જાહેર કર્યા મુજબ, કિશોરભાઈ ચુનીભાઈ મકવાણા (ઉ.વ.૫૪) અગમ્ય કાણોસર પાણીમાં ડૂબી જવાથી મરણ પામ્યા હતા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કુમારસિંહ કેશુભા રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. બીજા બનાવમાં ખાંભાના ડેડાણ ગામે રહેતા ભાણાભાઈ અરજણભાઈ મકવાણાએ જાહેર કર્યા મુજબ, રામભાઈ અરજણભાઈ મકવાણા (ઉ.વ.૪૩) વાડીએ કૂવાની બાજુમાં કામ કરતા હોય એ સમયે અચાનક તેમનો પગ લપસી જતા કૂવામાં પડી જતા પાણીમાં ડુબી જવાથી મરણ પામ્યા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે. ત્રીજા બનાવમાં બાબરામાં રહેતા જીજ્ઞેશભાઈ જયસુખભાઈ પોકીયાએ જાહેર કર્યા મુજબ, પ્રકાશભાઈ જયસુખબાઈ પોકીયા (ઉ.વ.૩૩) બાબરા ટાઉન તાલુકા પંચાયત પાસે રોડ ઉપરથી ૧૦-૧૨ દિવસ પહેલા પસાર થતા હતા ત્યારે ગાય એક્ટિવા સાથે અથડાઈ હતી. જેમાં તેમને માથામાં ગંભીર ઈજા થતાં અમદાવાદ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેનું મોત થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શિવાભાઈ કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલાના આંબરડી ગામે રહેતી એક સગીરાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.પી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# વીજપડી ગામથી રણછોડરાય મંદિર તરફ જતો પુલ પ્રથમ વરસાદમાં જ ધોવાયો

વીજપડી તા.૧૪



સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામથી રણછોડરાય મંદિર વનાળા આશ્રમ તરફ જતો પુલ ગત મહિને આવેલા પ્રથમ વરસાદમાં જ ધોવાઈ જતા ખેડૂતોની હાલાકીમાં વધારે થયો છે. પુલ ધોવાઈ જતા ખેડૂતોને ખેતરે જવા માટે ત્રણ કિલોમીટરનો ફોગટ ફેરો કરવો પડી રહ્યો છે. રાજ્યમાં પુલ તૂટવાની ઘટનાએ સરકારની કામગીરી સામે પ્રશ્નાર્થ ઊભા કર્યા છે ત્યારે સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે આવેલા રણછોડરાય મંદિર વનાળા આશ્રમ તરફ જવાનો પુલ ગત તારીખ ૧૬ જૂનના રોજ આવેલા પ્રથમ વરસાદમાં જ ધોવાઈ જતા તંત્ર દ્વારા એક મહિના પછી પણ કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવી નથી. તૂટેલા પુલને કારણે ખેડૂતોને પોતાના ખેતરે જવા માટે ત્રણ કિલોમીટર સુધીનો ફોગટ ફેરો કરવો પડે છે. તંત્ર સમક્ષ અનેક વાર રજૂઆત કરવા છતાં હજુ સુધી કોઈપણ નક્કર કામગીરી કરવામાં ન આવતા ખેડૂતો અને પશુપાલકોમાં ભારે રોષની લાગણી પ્રસરી જવા પામી છે.

# 'આ કેડો તારા બાપનો નથી, અહીં ચાલતો નહીં' કહી યુવકને જાનથી મારવાની ધમકી આપી

ખાંભા, તા.૧૪

ખાંભાના વાગધ્રા ગામે એક યુવકને "આ કેડો તારા બાપનો નથી અહીંથી ચાલતો નહીં" કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ધીરૂભાઈ વિઠ્ઠલભાઈ ચૌહાણે હિંમતભાઈ દુદાભાઈ જોગદીયા, દુદાભાઈ હરસુરભાઈ જોગદીયા તથા ભાનુબેન રમેશભાઈ જોગદીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, હિંમતભાઈ જોગદીયાએ તેમને "અહીંથી કેમ ચાલ્યો છે" તેમ કહી ગાળો આપી લાકડીના ત્રણ ઘા માર્યા હતા. ઉપરાંત આરોપીઓએ ભેગા મળી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને "આ કેડો તારા બાપનો નથી અહીંથી ચાલતો નહીં" તેમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# સાવરકુંડલાથી મહુવા જવાના માર્ગ પર વીજપડી નજીક આવેલા પુલ પાસે વૃક્ષો ફૂટી નીકળ્યા

**મસમોટા વૃક્ષોને કારણે પુલની ગુણવત્તામાં ઘટાડો થાય તેવી સંભાવના**

અમરેલી તા ૧૪



સાવરકુંડલાથી મહુવા જવાના મુખ્ય માર્ગ પર વીજપડી ગામ પાસે આવેલા પુલની આજુબાજુમાં મસમોટા વૃક્ષો ફૂટી નીકળ્યા હોવાથી પુલની મજબૂતાઈ સામે સવાલો ઊભા થયા છે. માર્ગ મકાન ખાતાની ગંભીર બેદરકારીને કારણે સાવરકુંડલા મહુવા માર્ગ પર આવેલા પુલની આજુબાજુમાં યોગ્ય રીતે વૃક્ષોનો નિકાલ કરવામાં ન આવતા પુલમાં તિરાડો પડવાની સંભાવના રહેલી છે. આ ઉપરાંત સેફટી દિવાલ પણ તૂટી ગયેલી હાલતમાં હોવાથી વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. વૃક્ષો પુલની ગુણવત્તાને નુકસાન કરે તે પહેલા જ આ તમામ વૃક્ષોને પુલની આજુબાજુમાંથી દૂર કરવામાં આવે અને સેફટી દિવાલ બનાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# સાવરકુંડલામાં પટેલ બોર્ડિંગ પાસેથી દારૂની બોટલ ઝડપાઈ

**વડીયાના યુવક પાસેથી ૪ લીટર દેશી દારૂ ઝડપાયો, બે લોકો ઝુમતા ઝડપાયા**

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલામાં હાથસણી રોડ પટેલ બોર્ડિંગ પાસેથી એક યુવક ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ સાથે ઝડપાયો હતો. તેણે આ બોટલ સાવરકુંડલાના જ યુવક પાસેથી ખરીદી હોવાની કબૂલાત કરી હતી. વડીયાના સદગુરુનગર પાસે એક યુવક પાસેથી ૪ લીટર પીવાનો દેશી દારૂ ઝડપાયો હતો. મેકડા ગામેથી બે, અમરેલી, ચિતલ તથા પીપરીયા ગામેથી એક એક યુવક કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. પોલીસે તમામ સામે પ્રોહિબિશન નીચે ગુનો નોંધ્યો છે.

# નાવલી નદીના પૂરથી ક્ષતિગ્રસ્ત સા.કુંડલા માર્ગનું સમારકામ હાથ ધરવામાં આવ્યું

સાવરકુંડલા તા. ૧૪



સાવર અને કુંડલાને જોડતા, મણિનગર બીડીકામદાર વિસ્તારમાંથી પસાર થતા મુખ્ય માર્ગનું નાવલી નદીમાં આવેલા પૂરે ભારે નુકસાન પહોંચાડ્યું હતું. આ માર્ગ વાહનવ્યવહાર માટે બંધ થઈ જતાં સ્થાનિક રહીશો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિક પત્રકાર સોહીલ શેખ દ્વારા આ મામલે પાલિકા તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. તેમના સતત પ્રયાસો અને રજૂઆતોને પગલે પાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ રસ્તાના સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી, અને યુદ્ધના ધોરણે તેને પુનઃ ચાલુ કરવામાં આવ્યો હતો.

# બગસરામાં બાળકે વૃક્ષનું વાવેતર કરી જન્મદિનની ઉજવણી કરી



તસવીર : હાર્દિક બામટા

બગસરા તા ૧૪

બગસરામાં ધોરણ ૬ માં અભ્યાસ કરતા બાળકે પોતાના જન્મદિનની અનોખી ઉજવણી કરી હતી. લલીતભાઈ રાજપરાના પુત્ર ખેલન રાજપરાએ વૃક્ષનું વાવેતર કરી પોતાના જન્મદિનની ઉજવણી કરી હતી. પોતાના ૧૨મા વર્ષની ઉજવણી પ્રસંગે લોકોને પ્રેરણા મળે તેવું કાર્ય કર્યું હતું.

# રાજુલાના સમઢીયાળા-૧ ગામેથી સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા ટીચતાં ૮ ઝડપાયા

**કુલ ૨૩,૪૬૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો**

રાજુલા, તા.૧૪

રાજુલાના સમઢીયાળા-૧ ગામે પ્લોટ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતાં ૮ ઈસમો રોકડા ૨૩,૪૬૦ રૂપિયાના મુદ્દામાલ સાથે પોલીસના હાથે ઝડપાયા હતા. અશોકભાઈ ડાયાભાઈ પારેખ, લાલજીભાઈ ખોડાભાઈ જાદવ, મુકેશભાઈ ભુરાભાઈ ગુજરીયા, મનસુખભાઈ ઘોહાભાઈ મકવાણા, જયંતિભાઈ સોંડાભાઈ મકવાણા, લખમણભાઈ ભુપતભાઈ મેર, કેશુભાઈ બાલુભાઈ શિયાળ, મગનભાઈ નરશીભાઈ બારૈયા જાહેરમાં લાઈટના અજવાળે ગંજીપત્તાનાં પાના તથા પૈસા વડે હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ.૨૨,૩૨૦ તથા જુગારના પટમાંથી મળી આવેલ રોકડ રૂ.૧૧૪૦ મળી કુલ કિ.રૂ.૨૩,૪૬૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.ડી. લાધવા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: પાંચમ
તા. ૧૫-૦૭-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૫:૩૨,
સૂર્યાસ્ત-૦૭:૨૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શતભિષ

## દૈનિક રાશિફળ

તા.૧૫-૦૭-૨૦૨૫ મંગળવાર

- મેષ: આજે આવકના નવા સ્ત્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.
- વૃષભ: આજે સંતોષ અને શાંતિનો દિવસ રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. શાસન અને સત્તાથી ઘણા ફાયદા થઈ શકે છે.
- મિથુન: આજે રોજગાર વેપારના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે.
- કર્ક: આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાંઝેક્શનની સમસ્યા ઉકેલાશે.
- સિંહ: આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. જીવનસાથીનો સહયોગ મળશે પણ બાળક તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.
- કન્યા: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠા વધશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારક રહેશે.
- તુલા: આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવી અથવા ચોરી થવાનો ભય રહેશે, તે ધ્યાનમાં રાખો. સાંજ સુધીમાં કોઈ અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે.
- વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્યમાં-ખુશીમાં થોડો ઘટાડો થઈ શકે છે. વાદ-વિવાદની સંભાવના છે, ધૈર્ય રાખો. વિરોધીઓ મુશ્કેલી લાવી શકે છે.
- ધન: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો સફળ થશે.
- મકર: આજનો દિવસ પુત્ર અને પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. વિવાહિત જીવનમાં સમસ્યા સમાપ્ત થઈ જશે.
- કુંભ: આજે કોઈ શારીરિક સમસ્યા ઊભી થઈ શકે છે. જે બાબતે ડોક્ટરની સલાહ લેવી જોઈએ. આજે કાર્યક્ષેત્રમાં મૂંઝવણ રહેશે.
- મીન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. સાસરિયા તરફના સહયોગથી વધુ ફાયદો થઈ શકે છે.

**જૂના મનદુઃખમાં ઘટના બની**

# ખાંભાના વાગધ્રા ગામે ઘર પાસે હોર્ન મારવાની ના પાડતાં ઢીકાપાટુ માર્યા

**જાનથી મારવાની ધમકી પણ આપી**

ખાંભા, તા. ૧૪

ખાંભાના વાગધ્રા ગામે ઘર પાસે હોર્ન મારવાની તથા ફોનમાં જોર જોરથી વાતો કરવાની ના પાડતાં યુવકને ઢીકાપાટુનો મુંઢમાર મારવામાં આવ્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે હિંમતભાઈ દુદાભાઈ જોગદીયાએ ધીરૂભાઈ વિઠ્ઠલભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી અવાર-નવાર તેમના ઘર પાસેથી તેમનું ટુ-વ્હીલ મોટરસાઈકલ લઈ નીકળી હોર્ન વગાડતો હતો. તેમજ ફોનમાં જોર જોરથી વાતો કર્યા કરતો હતો અને તેમનું ટુ-વ્હીલ અવા નવાર તેઓના ઘર પાસે બંધ પાડતો હોય તે બાબતે તેમણે અગાઉ ઠપકો આપ્યો હતો. તે અંગેનું જૂનું મનદુઃખ રાખી તેઓ તેમની માસીની દીકરી બેન સાથે વાતચીત કરતો હતો તે વખતે આરોપીએ જેમ ફાવે તેમ બિભત્સ શબ્દોમાં ગાળો આપી તેની સાથે માથાકૂટ કરી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક એન. બી. ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં મા-દીકરીએ મળી મહિલાને ફટકારી

**મહિલાએ મા-દીકરી સામે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૧૪

અમરેલી શહેરમાં મા-દીકરીએ મળી મહિલાને ફટકારી હતી. બનાવ અંગે કૈલાશબેન રજનીકાંત જાની (ઉ.વ.૫૫)એ અંજનાબેન, સોનલબેન તથા અદિતિ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને ફરિયાદીઓ સાથે અવારનવાર ઝઘડો થતો હતો.

જેનું મનદુઃખ રાખી તેમને પકડી રાખી જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ. ભટ્ટી વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા ખાતે દાનબાપુની જગ્યામાં ભવ્ય હિંડોળા દર્શનનું આયોજન

**હિંડોળાના દર્શન કરવા માટે ભાવિક ભક્તોની ભીડ ઉમટી**

સાવરકુંડલા તા ૧૪



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા ખાતે આવેલ દાનબાપુની જગ્યામાં ભવ્ય હિંડોળાના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક સ્થળે દરરોજ જુદા જુદા અદ્ભુત શણગાર સાથે ભક્તોને દર્શનનો લાભ મળી રહ્યો છે. હિંડોળાના દર્શનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બનવા પામ્યું છે. હિંડોળાના દર્શનનો સમય બપોરે ચાર વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધીનો રાખેલ છે જેથી આ સમય દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો દર્શનનો લાભ લઈ રહ્યા છે. હિંડોળાના દર્શનનો ભક્તો મોટી સંખ્યામાં લાભ લે તેવું દાનબાપુની જગ્યા દ્વારા નિમંત્રણ પઠાવવામાં આવ્યું છે.

# અમરેલી માર્ગ-મકાન વિભાગ દ્વારા પેચવર્કની કામગીરી પૂરજોશમાં શરૂ

અમરેલી,તા.૧૪



અમરેલી જિલ્લા માર્ગ અને મકાન રાજ્ય દ્વારા જિલ્લાના વિવિધ માર્ગોની મરામત અર્થે યુદ્ધના ધોરણે કામગીરી શરુ કરવામાં આવી છે. માર્ગની સ્થિતિને ધ્યાને લઈ વરસાદી વાતાવરણ હોવા છતાં માર્ગ અને મકાન રાજયની વિવિધ ટીમ દ્વારા વિવિધ માર્ગો પર સિમેન્ટ કોંક્રિટ પેચવર્કની કામગીરી કરવામાં આવી હતી. જ્યારે વરસાદી વાતાવરણ ન હોય ત્યારે ડામર પેચવર્કની કામગીરી કરી વાહનવ્યવહાર માટે સરળતા અને સુલભ વ્યવસ્થા કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. માર્ગ અને મકાન રાજય હસ્તકના બગસરા ચલાલા રોડ, ધારી દલખાણીયા રોડ, અમરેલી કુંકાવાવ રોડ , ચિત્તલ- રાંઢીયા-લુણીધાર રોડ, લાઠી- દામનગર રોડ વગેરે પર મરામત માટે ડામર પેચવર્ક કામગીરી કરવામાં આવી હતી.

તંત્રી લેખ

# ચીને પોતાનો અસલી રંગ બતાવ્યો

ભારત શાંતિ અને સહ અસ્તિત્વમાં માને છે પરંતુ આપણા પાડોશી દેશો આ સિદ્ધાંતમાં બિલકુલ માનતા નથી ખાસ કરીને ચીન આ બાબતમાં તદ્દન વિરોધી વલણ ધરાવે છે. ભારત જ્યારે શાંતિની અપીલ લઈને ચીન પાસે રજૂ કરે છે ત્યારે હંમેશા એણે એનાથી ઉલટું જ વર્તન કર્યું છે. ૧૯૬૨ માં ભારતના તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાલાલ નેહરુએ ચાઈનાની મુલાકાત લીધી અને તે સમયે તેણે પંચશીલનો વિશ્વ શાંતિનો સંદેશ દુનિયાને આપ્યો. પરંતુ પંડિત ભારત પહોંચે એ પહેલા જ ચીને લડાખ પર આક્રમણ કર્યું અને ભારતનો મોટાભાગનો વિસ્તાર તેમણે હડપ કરી લીધો. ભારતના વિદેશ મંત્રી જયશંકરની બેઈજિંગ મુલાકાત પહેલા, ચીને એક નિવેદન બહાર પાડ્યું જે ફરીથી સંબંધોને બગાડી શકે છે. આ પહેલી વાર નથી જ્યારે ચીને છેલ્લી ઘડીએ સંબંધો બગાડવાનો પ્રયાસ કર્યો હોય. આવું પહેલા પણ બન્યું છે. જયશંકર બેઈજિંગ પહોંચે તે પહેલાં ચીને પોતાનો અસલી રંગ બતાવ્યો, ત્યારે પ્રશ્ન થાય છે કે શું સંબંધો દાવ પર છે? સિંગાપોરની મુલાકાત લીધા બાદ જયશંકર ચીન જવા રવાના થયા. વિદેશ મંત્રી એસ જયશંકર સિંગાપોર પ્રવાસ પૂર્ણ કર્યા પછી તેઓ ચીનમાં SCO વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા જઈ રહ્યા છે. તે પહેલાં ચીની દૂતાવાસે કડવું નિવેદન આપ્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકર તેમની સિંગાપોર મુલાકાત પૂર્ણ કરી અને બેઈજિંગ જવા રવાના થયા તેના થોડા કલાકો પહેલા, ચીને સંબંધોમાં ખટાશ લાવવાનો પ્રયાસ કર્યો હતો. ભારતમાં ચીની દૂતાવાસે દલાઈ લામાના પુનર્જન્મ અને તિબેટ મુદ્દા પર એક તીક્ષ્ણ નિવેદન બહાર પાડ્યું, જે સ્પષ્ટપણે ભારતની વિચારસરણીની વિરુદ્ધ છે. સૌથી મોટો પ્રશ્ન સમયનો છે. અગાઉ પણ ચીને દગો આપ્યો અને ભારતીય સૈનિકો પર હુમલો કર્યો. હવે તિબેટ અને દલાઈ લામાના મુદ્દા પર પણ એ જ વાર્તાનું પુનરાવર્તન થઈ રહ્યું છે. જયશંકરની બેઈજિંગ મુલાકાત પહેલાં દલાઈ લામાના પુનર્જન્મ અંગે ચીની દૂતાવાસનું તીક્ષ્ણ નિવેદન સ્પષ્ટપણે દર્શાવે છે કે ચીન ફક્ત વેપાર કે વિકાસની ભાષામાં વાત કરવા માંગતું નથી, તે ભારતને વૈચારિક દબાણ હેઠળ પણ લાવવા માંગે છે. આ બેઈજિંગની જૂની રણનીતિ છે. શાંતિના ટેબલ પર બેસો પણ પાછળથી દબાણ વધારતા રહો જેથી ભારત ક્યારેય આરામદાયક ભાવ ન અનુભવે. આ જ કારણ છે કે હવે વિશ્વાસ શબ્દોથી નહીં પણ કાર્યોથી સાબિત થવો જોઈએ. ચીને આખરે શું કહ્યું? ચીને કહ્યું કે દલાઈ લામાનો ઉત્તરાધિકાર સંપૂર્ણપણે ચીનનો આંતરિક મામલો છે. ભારતના નિષ્ણાતો દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને 'અયોગ્ય' અને 'અસંવેદનશીલ' ગણાવવામાં આવી હતી.ચેતવણી આપવામાં આવી હતી કે 'શિઝાંગ કાર્ડ' રમવું ભારત માટે હાનિકારક હોઈ શકે છે. વિદેશ મંત્રી એસ. જયશંકરની સિંગાપોર મુલાકાત અને હવે બેઈજિંગ મુલાકાત એ સ્પષ્ટ સંદેશ આપે છે કે ભારત હવે માત્ર સરહદોનું જ નહીં પરંતુ વેપાર, ટેકનોલોજી અને વ્યૂહાત્મક સંતુલનનું પણ રાજકારણ કરી રહ્યું છે. સિંગાપોરમાં સેમિકન્ડક્ટર, રોકાણ અને કનેક્ટિવિટી પર ધ્યાન કેન્દ્રિત કરીને, ભારતે તેની આર્થિક પ્રાથમિકતાઓ સ્પષ્ટ કરી, જ્યારે બેઈજિંગ જઈને, જયશંકર બતાવવા માંગે છે કે ભારત વાતચીત માટે તૈયાર છે, પરંતુ દબાણ સામે ઝૂકશે નહીં. આ ચીન માટે પણ એક સંકેત છે કે ભારત ઈન્ડો-પેસિફિકમાં વિકલ્પોથી ઘેરાયેલું છે અને હવે એકતરફી સંબંધોનો યુગ નથી.નિષ્ણાતો શું કહે છે તે જાણવું જરૂરી છે. ભૂતપૂર્વ રાજદૂત અશોક કાંઠાએ લખ્યું, બેઈજિંગના નિવેદનની જયશંકરની મુલાકાત પર ચોક્કસપણે અસર પડશે. પરંતુ ભારતે આત્મવિશ્વાસપૂર્વક પોતાનું વલણ સ્પષ્ટપણે જણાવવું જોઈએ.

# ભારતના શુભાંશુ શુક્લાનું અવકાશથી અવની પર અવતરણ

**શુભાંશુ શુક્લા અવકાશથી પાછા ફરી રહ્યા છે, પણ તેઓ પોતાની સાથે કયો ખજાનો લઈને આવી રહ્યા છે? અવકાશની આ યાત્રા સદીઓ સુધી યાદ રહેશે**

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

શુભાંશુ શુક્લાની અવકાશ યાત્રા માટે ઈસરોએ લગભગ ૫૫૦ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. આ એક એવો અનુભવ છે કે અવકાશ એજન્સી તેના માનવ અવકાશ ઉડાન કાર્યક્રમ 'ગગનયાન' ને આગળ ધપાવશે...શુભાંશુ શુક્લા ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી પાછા ફરી રહ્યા છે, પણ તેઓ અવકાશથી કયો ખજાનો પોતાની સાથે લાવી રહ્યા છે? તે જાણવા સૌ કોઈ આતુર છે. શુભાંશુ શુક્લા ૧૫ જુલાઈએ તેમના સાથી અવકાશયાત્રીઓ સાથે પૃથ્વી પર પાછા ફરશે. ભારતીય વૈજ્ઞાનિક શુભાંશુ શુક્લા ૧૫ જુલાઈએ એક્સિઓમ-૪ મિશન હેઠળ ISS થી પૃથ્વી પર પાછા ફરશે. અનડોકિંગ પછી ક્રૂ ડ્રેગન અવકાશયાન પૃથ્વી તરફ આગળ વધશે. અનડોકિંગ એટલે સ્ટેશનથી ધરતી પર આવી રહેલા યાનને છૂટું પાડવું એને અનડકિંગ કહે છે. ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા ISS Axiom4 લેન્ડિંગથી પરત આવી રહ્યા છે. શુભાંશુ પૃથ્વી પર પાછા ફરવા માટે કયા રોકેટનો ઉપયોગ કરશે, તેમની ગતિ કેટલી હશે, તેઓ કેવી રીતે લેન્ડ કરશે? બધું જાણવા જેવું છે. શુભાંશુ શુક્લા ૧૫ જુલાઈએ ISS થી પૃથ્વી પર પાછા ફરશે. ભારતીય વૈજ્ઞાનિક શુભાંશુ શુક્લા ટૂંક સમયમાં અવકાશથી પૃથ્વી પર પાછા ફરવાના છે. એક્સિઓમ-૪ મિશન હેઠળ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) ગયેલ શુભાંશુ ૧૫ જુલાઈના રોજ બપોરે લગભગ ૩ વાગ્યે પૃથ્વી પર ઉતરાણ કરી શકે છે. કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ક્રૂ ડ્રેગન અવકાશયાનની અનડોકિંગ પ્રક્રિયા ૧૪ જુલાઈના રોજ સાંજે ૪:૩૦ વાગ્યે શરૂ થશે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે અવકાશથી પૃથ્વી પર પાછા ફરવાની આ રોમાંચક સફર કેવી રીતે પૂર્ણ થશે? અનડોકિંગ મતલબ કે અવકાશયાન અવકાશ મથકથી અલગ થઈ જશે. શુભાંશુ શુક્લા ૧૫ જુલાઈના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે પૃથ્વી પર પાછા ફરશે. શુભાંશુ શુક્લા અને તેમના સાથીઓએ અવકાશમાં વિવિધ પ્રકારના સંશોધન કર્યા. શુભાંશુ શુક્લા ૫૮૦ પાઉન્ડ (લગભગ ૨૬૩ કિલો) વૈજ્ઞાનિક સાધનો લઈને અવકાશમાં ગયા હતા. આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) પર ૧૮ દિવસના તીવ્ર વૈજ્ઞાનિક પ્રયોગો પછી, શુભાંશુ શુક્લા અને 'એક્સિઓમ-૪' મિશનના ત્રણ અન્ય અવકાશયાત્રીઓ માટે વિદાય અને મિજબાનીનો સમય આવી ગયો છે, જેઓ ૧૪ જુલાઈએ


**શુભાંશુ શુક્લા એક્સિઓમ ૪ મિશન અંતર્ગત સ્પેસ સ્ટેશન પર ગયા હતા હવે તેઓ સંશોધન કરીને પરત ફરી રહ્યા છે.**



પૃથ્વી પર પાછા ફરવાની યાત્રા શરૂ કરવાના છે. શુભાંશુ શુક્લા સહિત દરેક અવકાશયાત્રી પૃથ્વી પર પાછા ફરે છે. તે ૧૫ જુલાઈના રોજ ભારતીય સમય મુજબ બપોરે ૩:૦૦ વાગ્યે યોજાવાનું છે. દરમિયાન, નાસાએ કહ્યું કે તેમના સંશોધન પૂર્ણ કર્યા પછી, બધા અવકાશયાત્રીઓ અવકાશમાંથી ઘણી ખાસ વસ્તુઓ લાવી રહ્યા છે, જે કોઈ ખજાનાથી ઓછી નથી. એજન્સીએ જણાવ્યું હતું કે ડ્રેગન અવકાશયાન ૫૮૦ પાઉન્ડ (લગભગ ૨૬૩ કિલોગ્રામ) વૈજ્ઞાનિક પુરવઠો, નાસા હાર્ડવેર અને ૬૦ થી વધુ વિજ્ઞાન પ્રયોગોનો ડેટા વહન કરશે. આ બધા પ્રયોગો અવકાશમાં કરવામાં આવ્યા છે, જે આવનારા સમયમાં અવકાશ વિજ્ઞાનની દુનિયામાં ચોક્કસપણે ખૂબ ફાયદાકારક રહેશે. એક્સિઓમ-૪ (એક્સ-૪) ક્રૂએ તેમના વિવિધ સંશોધન મિશન પૂર્ણ કરી લીધા છે અને અવકાશયાત્રીઓ સોમવારે સ્થાનિક સમય મુજબ સવારે ૭:૦૫ વાગ્યે (ભારતીય સમય મુજબ સાંજે ૪:૩૫ વાગ્યે) ISS પરથી પૃથ્વી માટે ઉડાન ભરવાની તૈયારી કરી રહ્યા છે. ક્રૂમાં કમાન્ડર પેગી વ્હિટસન, પાઈલટ શુભાંશુ 'શુક્સ' શુક્લા અને મિશન નિષ્ણાતો સ્લેવોજ 'સુવે' ઉઝનાન્સ્કી-વિસ્નીવસ્કી અને ટિબોર કાપુનો સમાવેશ થાય છે .શુક્લા પોતાની સાથે કેરીનો રસ અને ગાજરનો હલવો લઈ ગયા હતા. શુક્લા માટે આ એક ઐતિહાસિક યાત્રા રહી છે, જે ૧૯૮૪માં તત્કાલીન સોવિયેત રશિયાના 'સલ્યુટ-૭' સ્પેસ સ્ટેશન મિશનના ભાગ રૂપે રાકેશ શર્માની અવકાશ ઉડાન પછી ISS ની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય અને અવકાશમાં મુસાફરી કરનારા બીજા ભારતીય બન્યા છે. એક્સિઓમ-૪ મિશન ૨૫ જૂને ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. ડ્રેગન અવકાશયાન ૨૮ કલાકની મુસાફરી પછી ૨૬ જૂને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પહોંચ્યું, જેમાં શુક્લા અને ત્રણ અન્ય અવકાશયાત્રીઓ - કમાન્ડર પેગી વ્હિટસન, મિશન નિષ્ણાતો સ્લેવોજ ઉજ્નાન્સ્કી-વિસ્નીવસ્કી અને ટિબોર કાપુ પોલેન્ડ અને હંગેરીના છે. શુભાંશુ શુક્લા પૃથ્વી પર પાછા ફરવા માટે કયા રોકેટનો ઉપયોગ કરશે, તેની ગતિ કેટલી હશે, તે કેવી રીતે ઉતરશે? બધું જાણો ક્રૂ ડ્રેગન અવકાશયાન ધીમે ધીમે ISS થી અલગ થશે. આ પ્રક્રિયાને અનડોકિંગ કહેવામાં આવે છે. તે સંપૂર્ણપણે સ્વચાલિત છે, પરંતુ અવકાશયાત્રીઓ તેનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરે છે. પૃથ્વી પર પાછા ફરવાની તૈયારીઓ પૂર્ણતાને આરે છે. અનડોક કર્યા પછી અવકાશયાન પૃથ્વી તરફ આગળ વધશે. પછી રોકેટને રેટ્રોગ્રેડ બર્ન દ્વારા છોડવામાં આવશે જેથી અવકાશયાન પૃથ્વીના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રમાં પ્રવેશી શકે. વાતાવરણમાં પ્રવેશ અને જબરદસ્ત ઘર્ષણ અવકાશયાન પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતાની સાથે જ તેને ભારે ગરમી અને ઘર્ષણનો સામનો કરવો પડશે. આ સમયે, વાહનની ગતિ લગભગ ૨૮,૦૦૦ કિમી/કલાક હશે, જે લેન્ડિંગ દરમિયાન ધીમે ધીમે ઘટશે.પેરાશૂટ સાથે સુરક્ષિત ઉતરાણ કરી શકે છે. વાતાવરણમાં પ્રવેશ્યા પછી, પહેલા નાના અને પછી મોટા પેરાશૂટ ખુલશે, જે અવકાશયાનની ગતિમાં નોંધપાત્ર ઘટાડો કરશે. આ પ્રક્રિયા વાહનના સુરક્ષિત સ્પ્લેશડાઉન લેન્ડિંગની ખાતરી આપે છે. નાસાના જણાવ્યા અનુસાર, જો હવામાન અનુકૂળ રહેશે, તો શુભાંશુ શુક્લા અને તેમની ટીમ કેલિફોર્નિયા કિનારા નજીક સમુદ્રમાં ઉતરશે. નાસા આ લેન્ડિંગનું જીવંત પ્રસારણ પણ કરશે. ઉપડવાનો સમય અને પુનઃપ્રાપ્તિ અનડોકિંગથી સ્પ્લેશડાઉન સુધીની પ્રક્રિયામાં કુલ ૧૨ થી ૧૬ કલાક લાગી શકે છે.

ક્રૂ ડ્રેગન સામાન્ય રીતે એટલાન્ટિક મહાસાગર અથવા મેક્સિકોના અખાતમાં ઉતરાણ કરે છે. સ્પેસએક્સની રિકવરી ટીમ તાત્કાલિક પહોંચે છે, અવકાશયાનને જહાજ પર ઉપાડે છે અને મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢે છે. શુભાંશુ શુક્લા શું લાવી રહ્યા છે? ડ્રેગન અવકાશયાનમાં લગભગ ૨૬૩ કિલો વૈજ્ઞાનિક ઉપકરણો અને ડેટા લાવવામાં આવી રહ્યા છે. આમાં નાસા હાર્ડવેર અને ૬૦ થી વધુ અવકાશ પ્રયોગો સંબંધિત ડેટા શામેલ છે.

## શબ્દ સંજોગ-૨૦૩૫



**આડી ચાવી :**
(૧) ગળાનો એક રોગ (૪)
(૩) ઘોડીની એક જાત (૨)
(૬) ....કરતાં ધાડ પડી (૩)
(૭) કાપડ, જુનો ગાભો (૩)
(૯) અણીદાર નખવાળું (૨)
(૧૦) અંગ્રેજી રાજયમાં અપાતો એક ઈલકાબ (૨)
(૧૧) એક અને પા (૨)
(૧૨) લખાણની રીત, ઈબારત (૨)
(૧૩) નેન, નયન (૨)
(૧૪) પરવાનગી, પરવાનો (૩)
(૧૬) મધમાખીઓએ એકઠો કરેલો ફૂલનો રસ (૨)
(૧૮) વચ્ચે પોલાણવાળું-ખાલી (૨)
(૧૯) નાશવંત, મરવાના નસીબવાળું (૨)
(૨૦) ફેણવાળો સાપ (૨)
(૨૨) ખૂણો (૨)
(૨૩) કાંઠો, તીર (૨)
(૨૪) સ્તર, પડ (૨)
(૨૫) સુરતની એક પ્રખ્યાત મીઠાઈ (૨)
(૨૬) બદદુવા, શ્રાપ (૨)
(૨૭) એક ફૂલ (૩)
(૨૮) નામની આગળ માનાર્થે લગાવાતો શબ્દ (૧)
(૨૯) એક વાદ્ય (૨)

**ઊભી ચાવી :**
(૧) જગત, દુનિયા (૩)
(૨) પર્વતની તળેટીનું ગામ (૩)
(૩) સ્ત્રીઓનું કોણીનું એક ઘરેણું (૩)
(૪) વીસ ઘા કાગળ (૨)
(૫) સાંજનું ખાણું (અંગ્રેજીમાં) (૩)
(૬) ધનાઢ્ય (૪)
(૮) રીના રોય અને જીતેન્દ્રની એક ફિલ્મ થઈ (આ-અ) (૩)
(૧૦) સરળ, શાંત (૩)
(૧૧) એક નાનું ચોપગું પ્રણી (૩)
(૧૩) એક જૈન તીર્થંકર (૪)
(૧૫) એક કેન્દ્રશાસિત પ્રદેશ (૩)
(૧૭) અલબત, અવશ્ય (૩)
(૨૧) મગ્ન, લીન (૩)
(૨૨) આશરે૧/૩ રૂપિયાની કિંમતનું એક કચ્છી રૂપાનાણું (૨)
(૨૩) એક ખાવાની વાની (૩)
(૨૫) આખા જથ્થાનો એવો એકમ કે ભાગ (૨)

## શબ્દ સંજોગ-૨૦૩૪ જવાબ

**આડી ચાવી:** (૧) આનંદ (૩) મરૂત (૬) ક્ષિતિજ (૭) મત્સર (૮) પલાણ (૧૦) લસણ (૧૨) નીલ (૧૪) શૈલી (૧૫) માણારાજ (૧૭) અલિખ (૨૧) વળકો (૨૩) ફરમાન (૨૫) બાલ (૨૬) તસ્કર (૨૭) નસ (૨૮) ખાર (૨૯) જણસ.
**ઊભી ચાવી:** (૧) આવપની (૨) દક્ષિણ (૩) મજલ (૪) તમણ (૫) કરચલી (૯) લાલ (૧૧) સરોજ (૧૩) ધૃણાં (૧૪) શૈલ (૧૫) માખળ (૧૬) રાઘુ (૧૮) લેવડ (૧૯) તોર (૨૦) ફાનસ (૨૨) કોતર (૨૩) ફરજ (૨૪) માનસ (૨૫) બાષ્ય (૨૭) નસ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૭૧૦ |
| ઘઉં લોકવન | ૪૯૮ | ૫૧૭ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૩૫ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૭૭ |
| જુવાર પીળી | ૩૯૬ | ૪૯૬ |
| બાજરી | ૩૪૦ | ૪૫૬ |
| મકાઇ | ૨૫૦ | ૪૫૨ |
| તુવેર | ૧૦૩૦ | ૧૩૪૪ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૬૦ |
| ચણા સફેદ | ૧૧૬૦ | ૨૦૮૦ |
| અડદ | ૧૨૭૦ | ૧૪૦૬ |
| મગ | ૧૩૫૧ | ૧૬૫૧ |
| વાલ દેશી | ૯૩૦ | ૧૧૦૦ |
| ચોળી | ૮૦૦ | ૧૮૩૭ |
| મઠ | ૧૨૦૦ | ૨૩૦૦ |
| વટાણા | ૯૫૦ | ૨૧૧૦ |
| કળથી | ૫૩૫ | ૭૭૬ |
| રાજમા | ૧૦૦૦ | ૧૭૦૫ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૯૫૧ | ૧૨૦૫ |
| મગફળી જીણી | ૯૩૦ | ૧૧૬૫ |
| તલી | ૧૪૫૦ | ૨૦૩૭ |
| સુરજમુખી | ૫૫૦ | ૮૫૦ |
| એરંડા | ૧૨૧૨ | ૧૩૦૫ |
| અજમો | ૮૮૦ | ૧૮૬૦ |
| સુવા | ૧૦૮૫ | ૧૨૮૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૩૦ |
| સીંગફાડા | ૧૦૨૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૩૮૬૫ |
| લસણ | ૬૫૦ | ૧૧૬૦ |
| ધાણા | ૧૨૩૫ | ૧૪૩૦ |
| મરચા સુકા | ૬૦૦ | ૮૮૦ |
| ધાણી | ૧૨૮૫ | ૧૪૪૫ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૪૬૦ | ૩૭૦૭ |
| રાય | ૧૧૬૦ | ૧૪૦૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૪૦ |
| ઇસબગુલ | ૧૦૬૧ | ૧૫૦૦ |
| અશેરીયો | ૮૫૦ | ૧૨૦૬ |
| કલોંજી | ૩૫૦૦ | ૪૦૮૬ |
| રાયડો | ૧૧૪૦ | ૧૨૬૪ |
| રજકાનું બી | ૪૬૦૦ | ૫૫૫૦ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૧૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૫૦ | ૫૫૦ |
| બટેટા | ૧૮૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૨૦ |
| ટમેટા | ૨૫૦ | ૬૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૫૦ | ૮૩૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ટીંડોળા | ૬૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૮૦૦ | ૧૨૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૫૦૦ |
| પરવર | ૮૫૦ | ૧૨૦૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| કંટોળા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૫૦ | ૫૦૦ |
| મેથી | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૧૧૦૦ |
| મકાઇ લીલી | ૨૬૦ | ૫૦૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૯૪૦ | ૧૦૭૦ |
| શિંગ મોટી | ૯૩૦ | ૧૧૭૬ |
| શિંગ દાણા | ૧૨૭૫ | ૧૫૩૬ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૪૮૨ |
| તલ સફેદ | ૧૧૫૦ | ૨૧૯૦ |
| તલ કાળા | ૨૨૪૦ | ૪૦૭૦ |
| તલ કાશ્મીરી | ૧૬૨૫ | ૨૩૫૦ |
| બાજરો | ૩૭૦ | ૪૮૫ |
| જુવાર | ૪૬૧ | ૪૬૧ |
| ઘઉં ટુકડા | ૪૨૮ | ૫૩૬ |
| ઘઉં લોકવન | ૪૯૭ | ૫૪૦ |
| મકાઈ | ૪૩૫ | ૪૩૫ |
| મગ | ૧૦૨૦ | ૧૫૧૨ |
| અડદ | ૧૦૧૦ | ૧૪૨૦ |
| ચણા | ૭૦૦ | ૧૧૩૯ |
| સફેદ ચણા | ૧૦૬૧ | ૧૦૦૮ |
| ચોળી | ૧૩૭૦ | ૧૫૪૦ |
| વટાણા | ૬૩૦ | ૯૨૦ |
| તુવેર | ૭૭૦ | ૧૨૭૪ |
| કપાસ | ૧૧૧૦ | ૧૬૯૪ |
| એરંડા | ૧૦૦૫ | ૧૨૮૬ |
| જીરૂ | ૨૫૫૨ | ૩૦૨૦ |
| ધાણી | ૧૨૦૫ | ૧૪૦૦ |
| મેથી | ૬૪૫ | ૮૭૫ |
| સોયાબીન | ૭૪૦ | ૮૦૭ |
| કલોજી | ૨૭૧૨ | ૩૬૦૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૯૦ | ૨૯૦ |
| રીંગણા | ૪૦૦ | ૫૨૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૪૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દુધી | ૩૨૦ | ૪૦૦ |
| કારેલા | ૮૦૦ | ૯૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૨૦ |
| કાકડી | ૫૫૦ | ૬૫૦ |
| ગુવાર | ૧૬૫૦ | ૧૮૫૦ |
| વટાણાં | ૨૦૫૦ | ૨૩૫૦ |
| ચોળા લીલાં | ૯૦૦ | ૧૦૩૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૬૫૦ | ૭૫૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૬૫૦ | ૭૫૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| શીંગ ઓળા | ૮૦૦ | ૯૫૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૪૦ |
| મરચાં લીલાં | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૮૦૦ | ૯૦૦ |
| લસણ સુકુ | ૬૫૦ | ૧૨૫૦ |
| મકાઈ | ૨૬૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૬૦ | ૨૫૦ |
| પાલક | ૮૫૦ | ૧૦૩૦ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૭૬ | ૧૬૭૬ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૬૨ |
| મગફળી જીણી | ૮૭૧ | ૧૧૩૬ |
| સિંગદાણા જાડા | ૧૧૦૦ | ૧૫૧૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૦૦ |
| એરંડા / એરંડી | ૧૦૬૧ | ૧૩૨૬ |
| જીરૂ | ૨૬૫૧ | ૩૮૭૧ |
| ક્લંજી | ૧૮૦૧ | ૪૧૨૧ |
| ધાણા | ૮૦૧ | ૧૪૯૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૨૮૬ |
| અડદ | ૭૫૧ | ૧૪૨૧ |
| તુવેર | ૬૪૧ | ૧૩૨૧ |
| રાયડો | ૧૨૩૧ | ૧૨૩૧ |
| રાય | ૧૨૭૧ | ૧૪૬૧ |
| મેથી | ૫૦૧ | ૧૦૫૧ |
| કાંગ | ૨૫૧ | ૬૨૧ |
| મગફળી જાડી | ૭૮૧ | ૧૨૨૬ |
| સફેદ ચણા | ૧૧૩૧ | ૨૦૨૧ |
| મગફળી નવી | ૫૦૦ | ૧૨૫૬ |
| ધાણી | ૯૦૧ | ૧૫૩૧ |
| ડુંગળી સફેદ | ૮૧ | ૨૦૬ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૮૫૧ |
| મકાઇ | ૪૫૧ | ૫૧૧ |
| મગ | ૧૦૨૬ | ૧૬૬૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૧ |
| વાલ | ૭૦૧ | ૧૨૫૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૧૬૫૧ |
| સોયાબીન | ૭૫૧ | ૮૪૧ |
| ગોગળી | ૭૪૧ | ૧૦૫૧ |
| વટાણા | ૧૩૩૧ | ૧૩૩૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૩૦૦ | ૭૦૦ |
| મરચા | ૬૦૦ | ૨૩૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૩૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૫૦૦ |
| દુધી | ૮૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૨૮૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૮૦ | ૯૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૫૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૨૩૮૦ | ૨૮૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૭૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૨ | ૮ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૪૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૧૫ |
| ચોરા | ૧૮૦ | ૧૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૮૪૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૫૦૦ |
| પાલક પુરા | ૨ | ૮ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૬૩૧ | ૧૧૨૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૬ |
| ચણા | ૯૭૫ | ૧૧૦૦ |
| એરડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મેથી | ૭૬૦ | ૭૬૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૮૩ |
| શીંગ દાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ફાડા | ૧૧૯૯ | ૧૧૯૯ |
| મકાઈ | ૩૯૧ | ૩૯૧ |
| ધાણા | ૯૫૦ | ૧૧૪૫ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૩૫૫ | ૪૪૦ |
| ઘઉં ટુકડા | ૪૫૪ | ૫૦૨ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૨૨ |
| તલ સફેદ | ૧૧૯૦ | ૧૮૪૦ |
| સોયાબીન | ૭૬૬ | ૭૯૦ |
| ચોળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૯૪૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૨૧૫ | ૧૩૧૫ |
| શીંગદાણા | ૧૧૮૦ | ૧૪૯૦ |
| મગફળી | ૯૦૫ | ૯૩૫ |
| શીંગફાડા | ૧૨૭૦ | ૧૩૦૫ |
| કાંગ | ૩૦૦ | ૩૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૫૬૦ | ૧૬૬૬ |
| કપાસ મીડીયમ | ૧૪૨૦ | ૧૫૫૦ |
| મગફળી | ૧૦૩૫ | ૧૦૬૫ |
| જીરૂ | ૨૯૨૦ | ૩૬૬૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૧૦ |
| મગ | ૧૨૬૦ | ૧૪૩૦ |
| તલ સફેદ | ૧૬૯૦ | ૧૭૫૦ |
| તલ કાળા | ૨૪૧૦ | ૩૨૫૦ |
| ચણા | ૧૦૬૨ | ૧૧૦૮ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૮૧ |
| શીંગ મોટી | ૧૦૩૦ | ૧૦૯૧ |
| શીંગ દાણા | ૧૧૦૦ | ૧૩૫૨ |
| તલ સફેદ | ૧૪૨૦ | ૨૧૬૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૮૩૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૮૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૬૩૫ |
| ઘઉ લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૫૦ |
| બાજરો | ૩૫૦ | ૫૭૦ |
| જુવાર | ૩૫૦ | ૫૧૫ |
| મકાઈ | --- | ૪૫૦ |
| મગ | ૧૨૫૦ | ૧૪૩૧ |
| ચણા | ૧૦૭૦ | ૧૧૨૮ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૦૦ |
| એરડી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૧૦ |
| સોયાબીન | ૭૦૦ | --- |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૭૫૫ | ૧૦૦૯ |
| તલ સફેદ | ૧૩૭૬ | ૨૧૦૦ |
| તલ કાળા | ૩૭૦૧ | ૩૭૦૧ |
| કપાસ | ૧૬૦૦ | ૧૬૫૧ |
| બાજરો | ૩૬૨ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૮૭ | ૫૮૫ |
| જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૪૫૧ |
| અડદ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| તુવેર | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ચણા | ૯૫૦ | ૧૧૧૩ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૬૯૦ | ૮૦૦ |
| શીંગદાણા | ૧૩૮૧ | ૧૩૮૧ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૬૩૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૧ |
| તુવેર | ૯૦૦ | ૧૨૩૬ |
| મગફળી | ૭૦૦ | ૧૦૬૬ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૮૬ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૧૬ |
| ધાણા | ૯૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૯૧ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૧૭૮ |
| મગફળી નવી | ૯૫૮ | ૧૦૬૨ |
| બાજરી હાઈબ્રીડ | ૩૭૦ | ૫૪૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૨૨ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૭૦ |
| જુવાર | ૬૦૦ | ૭૮૫ |
| ચોળી | ૮૦૦ | ૧૫૨૬ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૯૨ |
| મગ | ૧૨૨૦ | ૧૭૫૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૧૧૫ |
| સફેદ તલ | ૧૨૮૦ | ૨૦૨૫ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૯૪૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૨૫ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૦૫ |
| સીંગદાણા | ૧૨૦૦ | ૧૬૫૨ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ મગડી નવી | ૧૩૫૧ | ૧૩૫૧ |
| શીંગ ૩૨ | ૧૦૫૩ | ૧૧૩૬ |
| શીંગ જી-૨૦ | ૯૫૫ | ૧૧૧૩ |
| એરંડા | ૧૦૯૧ | ૧૨૬૧ |
| જુવાર | ૩૪૮ | ૭૩૦ |
| બાજરી | ૩૨૧ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૮૧ |
| મકાઈ | ૩૮૧ | ૩૮૧ |
| અડદ | ૯૪૩ | ૧૨૭૧ |
| મગ | ૧૨૪૨ | ૧૬૦૬ |
| મેથી | ૭૪૦ | ૧૦૫૦ |
| ધાણા | ૭૩૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૦૩૮ | ૧૧૬૩ |
| તલ સફેદ | ૧૩૫૮ | ૨૦૫૯ |
| તલ કાળા | ૨૫૫૦ | ૩૮૯૯ |
| તુવેર | ૭૧૧ | ૧૧૨૨ |
| જીરૂ | ૧૫૮૪ | ૩૬૦૧ |
| ડુંગળી લાલ | ૧૧૬ | ૩૫૨ |
| ડુંગળી સફેદ | ૧૩૧ | ૨૫૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરાઈ

અમરેલી, ૧૪






અમરેલી સ્થિત ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સમાં તા.૧૦ને ગુરુવાર, અષાઢ સુદ પૂનમના પાવન દિવસે, ગુરુપૂર્ણિમા અને ગુરુપૂજનનો કાર્યક્રમ અતિ ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. સંસ્થાના માર્ગદર્શક અને વંદનીય ગુરુવર્ય એચ.એલ. પટેલની નિશ્રામાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. મહાભારત અને ચાર વેદના રચયિતા ભગવાન વેદવ્યાસના જન્મ દિવસ નિમિત્તે અષાઢ સુદ પૂનમને ગુરુપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસથી જ ગુરુપૂજનની પરંપરા શરૂ થઈ છે. માનવજીવનમાં ગુરુનું સ્થાન અત્યંત મહત્વનું છે. જન્મદાત્રી માતા પ્રથમ ગુરુ છે, જે જન્મ આપે છે અને સંસ્કારનું સિંચન કરે છે. બીજા ગુરુ શિક્ષક છે, જે કુંભાર માટલાને ઘડે તેમ મનુષ્યને ઘડીને શિક્ષા આપે છે. ત્રીજા ગુરુ આધ્યાત્મિક ગુરુ છે, જે મોક્ષનો માર્ગ બતાવે છે. આ શુભ સંકલ્પ સાથે ગુરુપૂજનની શરૂઆત થઈ. સર્વપ્રથમ, ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સના સંકલ્પ દ્રષ્ટા મયુરભાઈ ગજેરા, શિક્ષણ વિભાગના વડા નિલેશભાઈ ગજેરા અને કેમ્પસના વડા પ્રહલાદભાઈ વામજા દ્વારા ગુરુવર્ય એચ.એલ. પટેલના ભાલમાં કંકુ તિલક સાથે અક્ષત લગાવી, શાલ ઓઢાડી, તેમના ચરણોમાં પુષ્પ અર્પણ કરી રૂડા આશીર્વાદ મેળવવામાં આવ્યા હતા.ત્યારબાદ, ઓક્સફર્ડ સ્કૂલ ઑફ સાયન્સના તમામ વિભાગોના HODs અને શિક્ષકો દ્વારા એચ.એલ. પટેલનું ગુરુપૂજન કરવામાં આવ્યું. તે પછી, શાળાના પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ, ઉ.મા. કોમર્સ વિભાગ અને ઉ.મા. સાયન્સ વિભાગના વિદ્યાર્થીઓએ પોતપોતાના વિભાગના શિક્ષકોનું પુષ્પ અર્પણ કરી ગુરુપૂજન કર્યું અને આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે, તમામ વિભાગના વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમા વિષયે પોતાના હૃદયના ભાવો વ્યક્ત કરતા સુંદર વક્તવ્યો આપ્યા. ત્યાર બાદ, જે તે વિભાગના શિક્ષકોએ ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે વિદ્યાર્થીઓને જીવનમાં ગુરુ (શિક્ષક)નું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમના અંતે, ગુરુવર્ય એચ.એલ. પટેલ દ્વારા તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓને રૂડા આશીર્વાદ આપી ગુરુપૂર્ણિમાના કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

## નરેશભાઈ પટેલના જન્મદિને ખોડલધામ સમિતિ દ્વારા દિવ્યાંગ બાળકોને ખોડલધામ દર્શન અને ભોજન કરાવાયું

રાજકોટ,તા.૧૪



તાજેતરમાં ખોડલધામના પ્રણેતા અને લેઉવા પાટીદાર સમાજ રત્ન નરેશભાઈ પટેલના જન્મદિન નિમિત્તે ધોરાજી ખોડલધામ સમિતિ દ્વારા એક પ્રેરણાદાયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માખીયાળા ગામ નજીક ચાલી રહેલ સાંત્વન સંસ્થાના દિવ્યાંગ બાળકોને ખોડલધામ ખાતે પ્રવાસ, દર્શન અર્થે લઈ જવામાં આવ્યા હતા. ખોડલધામ પહોંચીને આ દિવ્યાંગ બાળકોએ મંદિરના દર્શન કર્યા હતા અને ત્યારબાદ તેમને ભોજન પ્રસાદ પણ આપવામાં આવ્યો હતો. ખોડલધામ સમિતિના હોદેદારોએ પણ આ દિવ્યાંગ બાળકો સાથે જોડાઈને તેમની સાથે સમય વિતાવ્યો હતો, જેનાથી બાળકોમાં આનંદની લાગણી છવાઈ હતી.

## સોમનાથમાં દશનામ ગોસ્વામી સમાજની ૨૦૦ વરસ જૂની સમાધિઓ તોડાતાં આવેદનપત્ર અપાયું

ગીર સોમનાથ,તા.૧૪


તસવીર : કૈલાશ ભટ્ટ

સોમનાથમાં દશનામ ગોસ્વામી સમાજ પરિવારનું ૨૦૦ વર્ષ જૂનું સમાધિ સ્થાન મધરાત્રે તોડી પાડતાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ આવેદનપત્ર સોમવારે દશનામ ગૌસ્વામી પરિવારના અને રૂદ્રેશ્વર મહાદેવ મંદિરના પૂજારી ગૌસ્વામી ભાવેશગીરી ભોવાનગીરીએ સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્ર મોદી, ટ્રસ્ટના જનરલ મેનેજર, ટ્રસ્ટીઓ, મુખ્યમંત્રી, જિલ્લા કલેકટર, સાંસદ અને ધારાસભ્યને પાઠવેલ છે. તેમાં જણાવેલ છે કે, સોમનાથમાં રૂદ્રેશ્વર મંદિર સંકુલ કે જે સોમનાથ ટ્રસ્ટે અમારી અરજી કે માંગણી પૂરી કર્યા વગર સંપાદિત કરેલ છે તે સંકુલમાં આવેલ અમારા પરિવારના સૌથી વધુ પૂર્વજોની સમાધિઓ આવેલ હતી. જે અમારી જાણ બહાર તોડી નાખવામાં આવેલ છે. જેથી અમારી આસ્થાને ઠેસ પહોંચી છે. અમારા પિતૃઓ સાથેના ભાવનાત્મક સંબંધોનું હનન થયેલ છે. જે સમાધિઓ તોડી પડાયેલ છે તે અગાઉ ટ્રસ્ટને તેના પૂજન અને રૂદ્રેશ્વર મંદિરમાં દર્શન-પૂજન મંજૂરી આપવા માંગણી કરવામાં આવી હતી આમ છતાં આવું કૃત્ય કરવામાં આવેલ છે.

## રૂ.૩૦ લાખની છેતરપિંડી કરનાર બગસરાના શખ્સને ૪ દિવસના રીમાન્ડ પર સોંપાયો


અમરેલી,તા.૧૪



બગસરાના શખ્સે દાહોદ પંથકના ૬થી વધુ લોકો સાથે રૂ.૩૦ લાખથી વધુની છેતરપિંડી આચરતા તેમને દાહોદ કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે ૪ દિવસના રીમાન્ડ મંજૂર કર્યા છે. બગસરામાં જાનવી મોબાઈલમાં કામ કરતો અને મૂળ સુરતનો રહેવાસી હાર્દિક અહલપરાએ પોતાની સચિવાલયમાં ઓળખાણ છે તેમ કહી દાહોદ પંથકના ૬થી વધુ લોકો પાસેથી રૂ.૩૦ લાખથી વધુની છેતરપિંડી આચરી હતી. જેથી દાહોદ સાયબર ક્રાઈમ દ્વારા બગસરા આવી હાર્દિક અહલપરાની ધરપકડ કરી દાહોદ લઈ ગઈ હતી જયાં તેમની સઘન પૂછપરછ કર્યા બાદ હાર્દિકને દાહોદ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જયાં કોર્ટે હાર્દિક અહલપરાના ૪ દિવસના રીમાન્ડ મંજૂર કર્યા છે. રીમાન્ડ દરમિયાન પોલીસ આ છેતરપિંડીમાં કોણ-કોણ સામેલ છે તેની પૂછપરછ કરશે.

## ડાયવર્ઝન વગર જ સાવરકુંડલા બાયપાસ પાસે ઠેબી નદી પરનો પુલ બંધ કરાતા ખેડૂતો પરેશાન

અમરેલી, તા.૧૪



વડોદરા પાસે મહી નદી પરનો ગંભીરા પુલ તૂટ્યા બાદ અચાનક હરકતમાં આવેલા તંત્ર દ્વારા સમગ્ર ગુજરાતમાં ક્ષતિગ્રસ્ત પુલનું નિરીક્ષણ કરી અને બંધ કરવામાં આવી રહ્યા છે ત્યારે અમરેલી શહેરમાં સાવરકુંડલા બાયપાસથી ધારી રોડ વચ્ચે ઠેબી નદીના પુલનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં આ પૂલ ક્ષતિગ્રસ્ત જણાતા તંત્ર દ્વારા પુલને બંને બાજુએ માટીના પાળા કરી વાહન વ્યવહાર માટે આ પુલ બંધ કરવામાં આવ્યો છે. અચાનક જ ઊંઘમાંથી જાગેલા તંત્રએ કોઈપણ પ્રકારનું ડાયવર્ઝન કાઢ્યા વગર જ રસ્તો બંધ કરી દેતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ચોમાસાની સિઝન હોય ખેતીકામ કરવા જવા માટે પણ ખેડૂતોને મુશ્કેલી પડી રહી છે. જેથી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ડાયવર્ઝન કાઢવામાં આવે તેવી પણ ખેડૂતો માંગ કરી રહ્યા છે. જો યોગ્ય સમયે આ પુલનું નિરીક્ષણ કરી અને ડાયવર્ઝન કાઢ્યું હોત તો સ્થાનિકો અને રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો ન હોત તેવું પણ લોકો જણાવી રહ્યા છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈની સૂચના બાદ ૧૭ મહાનગરપાલિકામાં રસ્તાની કામગીરી પૂર્ણ

**મુખ્યમંત્રીની સૂચના હેઠળ રોડ-રસ્તાનું નવીનીકરણ**

ગાંધીનગર,તા.૧૪



રાજ્યમાં ચોમાસાની ઋતુમાં ભારે વરસાદના કારણે ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારમાં રોડ, રસ્તા, પુલ વગેરેને ભારે નુકસાન થયું છે. આ પરિસ્થિતિમાં રાજ્યના નાગરિકોને તકલીફ ન પડે તે માટે આ રોડ, રસ્તા અને પુલની સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં સંબંધિત વિભાગ અને અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે. જેના ભાગરૂપે રાજ્યની કુલ ૧૭ મહાનગરપાલિકાઓ અંતર્ગત આવતા રોડ-રસ્તાના સમારકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, ભાવનગર, જામનગર અને જૂનાગઢ એમ ગુજરાતની જૂની આઠ મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા અંદાજે ૩૦૦ કિ.મી.ના લંબાઈ ધરાવતા બિસ્માર રોડમાંથી યુદ્ધના ધોરણે ૨૯૧ કિ.મી.થી વધુના રોડ-રસ્તાઓની મરામત કરવામાં આવી છે. જ્યારે બાકીના કામો પણ એક સપ્તાહમાં સત્વરે પૂર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત કુલ ૪૧.૨૭ કિ.મી.ના રસ્તાઓ પર ડામરના પેચવર્ક કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

## દામનગરમાં નાળા માટે અપાયેલ ડાયવર્ઝનનું અમલીકરણ કોણ કરાવશે?



દામનગર,તા.૧૪

દામનગર શહેરમાં વૈજનાથ મંદિર પાસે બની રહેલા નવા નાળા માટે બસ સ્ટેન્ડની સામે અપાયેલ ડાયવર્ઝનના બોર્ડની બાજુમાં કરેલ પથ્થર-માટીના પાળાને તોડીને વાહનોની અવરજવર શરૂ થઈ જતાં અકસ્માતનો ભય રહ્યા કરે છે. સ્થાનિક લોકોની માગણી છે કે, જવાબદાર તંત્ર દ્વારા ડાયવર્ઝનનો અમલ કરાવાતો ન હોય તો આ બોર્ડ અને પાળાને હટાવી દેવા જોઈએ.


### એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૯૩/૨૦૨૫ તા.૦૨/૦૭/૨૦૨૫

વિવાદી :- કિશોરભાઈ બાબુભાઈ પટેલ ઠે.ઈંગોરાળા, તા.લાઠી, જી.અમરેલી
હાલ.૯૦૧,૯૦૨-એ, ગોકુલધામ બિલ્ડીંગ નં.૬ ધનજીવાડી, રાણી સતી માર્ગ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે નજીક, મલાડ ઈસ્ટ,મુંબઈ. ડી.મુંબઈ સબ અર્બન મહારાષ્ટ્ર, પીન-૪૦૦૦૯૭ મો.૯૦૨૯૫૪૪૪૩૪
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા
ઠે.નગરપાલીકા સામે, લાઠી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મુ.ઈંગોરાળા, તા.લાઠી, જિ.અમરેલી

-// જાહેર નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ઈંગોરાળા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાની કિશોરભાઈ બાબુભાઈ પટેલ નો જન્મ તા.૦૬/૧૧/૧૯૭૩ના રોજ ઈંગોરાળા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯/૦૫/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૯૫/૨૦૨૫ તા.૦૨/૦૭/૨૦૨૫

વિવાદી :- રમેશભાઈ બાલાભાઈ બલર
ઠે.શાખપુર, તા.લાઠી, જી.અમરેલી મો.૯૯૨૪૮૧૭૮૦૭
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા
ઠે.નગરપાલીકા સામે, લાઠી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મુ. શાખપુર, તા.લાઠી, જિ.અમરેલી

-// જાહેર નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.શાખપુર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાની રમેશભાઈ બાલાભાઈ બલર નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ના રોજ શાખપુર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯/૦૫/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૯૪/૨૦૨૫ તા.૦૨/૦૭/૨૦૨૫

વિવાદી :- લીલાબેન ખીમાભાઈ સરધારા
ઠે.કાંચરડી, તા.લાઠી, જી.અમરેલી મો.૯૪૨૭૪૭૩૭૨૮
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા
ઠે.નગરપાલીકા સામે, લાઠી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મુ. ભુરખીયા, તા.લાઠી, જિ.અમરેલી

-// જાહેર નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ભુરખીયા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાની લીલાબેન ખીમાભાઈ સરધારા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૪૮ના રોજ ભુરખીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯/૦૫/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૬/૨૦૨૫ તા.૩૦/૦૬/૨૦૨૫

વિવાદી :- વિરપરા વિઠ્ઠલભાઈ પુનાભાઈ
ઠે.બ્લોક નં.૧૩,જલારામનગર-૨,હનુમાન પરા, અમરેલી

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મું.મતિરાળા, તા.લાઠી, જિ.અમરેલી

-// જાહેર નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.મતિરાળા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો વિઠ્ઠલભાઈ પુનાભાઈ વિરપરા નું જન્મ તા.૦૧/૦૬/૧૯૫૭ના રોજ મતિરાળા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૦૬/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૪/૨૦૨૫ તા.૩૦/૦૬/૨૦૨૫

વિવાદી :- વિરપરા વિઠ્ઠલભાઈ પુનાભાઈ
ઠે.બ્લોક નં.૧૩,જલારામનગર-૨,હનુમાન પરા, અમરેલી

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મું.મતિરાળા, તા.લાઠી, જિ.અમરેલી

-// જાહેર નોટીસ //-
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.મતિરાળા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના દાદીશ્રી સંતોકબેન મકનભાઈ વિરપરા નું અવસાન તા.૦૧/૦૬/૧૯૬૬ના રોજ મતિરાળા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૦૬/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૫/૨૦૨૫ તા.૩૦/૦૬/૨૦૨૫

વિવાદી :- વિરપરા વિઠ્ઠલભાઈ પુનાભાઈ
ઠે.બ્લોક નં.૧૩,જલારામનગર-૨,હનુમાન પરા, અમરેલી

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મું.મતિરાળા, તા.લાઠી, જિ.અમરેલી

-// જાહેર નોટીસ //-
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.મતિરાળા ગામના રહિશ આ કામના અરજદારશ્રીના દાદાશ્રી મકનભાઈ ગાંગજીભાઈ વિરપરા નું અવસાન તા.૦૧/૦૬/૧૯૭૭ના રોજ મતિરાળા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૦૬/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

### એમ.સી.રાજ્યગુરૂ, તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૯૨/૨૦૨૫ તા.૦૨/૦૭/૨૦૨૫

વિવાદી :- લાલજીભાઈ નાનજીભાઈ ખીચડીયા
મુ.કાંચરડી, તા.લાઠી, જી.અમરેલી મો.૯૪૨૭૪૭૩૭૨૮
અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા
ઠે.નગરપાલીકા સામે, લાઠી, મો.૯૪૨૭૨૦૬૩૨૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત મુ. કાંચરડી, તા.લાઠી, જિ.અમરેલી

-// જાહેર નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.કાંચરડી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાની લાલજીભાઈ નાનજીભાઈ ખીચડીયા નો જન્મ તા.૦૭/૦૩/૧૯૪૪ના રોજ કાંચરડી, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯/૦૫/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

# આંધ્રપ્રદેશના અન્નમય જિલ્લામાં કેરી ભરેલો ટ્રક પલટી ખાઈ જતા ૯ના કરૂણ મોત


હૈદરાબાદ,તા.૧૪




આંધ્રપ્રદેશના અન્નમય જિલ્લામાં કેરી ભરેલો ટ્રક પલટી ગયો. આ અકસ્માતમાં ઓછામાં ઓછા નવ લોકોના મોત થયા હતા. તે જ સમયે, ૧૧ લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે. ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. રવિવારે રાત્રે જિલ્લાના પુલમપેટ મંડળના રેડ્ડીચેરુવુ કટ્ટા પાસે આ અકસ્માત થયો હતો. જે ટ્રકમાં અકસ્માત થયો હતો તે કેરી ભરેલી હતી. લોકો કેરીની બોરીઓ પર પણ બેઠા હતા. ટ્રકમાં ૨૦ થી વધુ લોકો મુસાફરી કરી રહ્યા હતા. આ અકસ્માત કડપા શહેરથી લગભગ ૬૦ કિમી દૂર પુલમપેટા મંડળના રેડ્ડી ચેરુવુ કટ્ટામાં થયો હતો. રાત્રે અકસ્માત થયો હતો. ટ્રક રાજમપેટથી કેરી અને લોકોને લઈને રેલ્વે કોડુરુ જઈ રહી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે રાત્રે ૯.૩૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, એક લારીનું પાછળનું વ્હીલ રેતીમાં ફસાઈ ગયું અને સંતુલન ગુમાવ્યું અને એક મીની ટ્રક પર પડી ગયું ત્યારે આ ઘટના બની. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ અકસ્માતમાં થયેલા જાનમાલના નુકસાન પર દુઃખ વ્યક્ત કર્યું અને અધિકારીઓ પાસેથી અકસ્માતના કારણો વિશે પૂછપરછ કરી. મુખ્યમંત્રી કાર્યાલયના જણાવ્યા અનુસાર, અધિકારીઓએ તેમને જણાવ્યું હતું કે રાત્રે આ ઘટના બની ત્યારે પીડિતો રાજમપેટથી રેલ્વે કોડુરુ જઈ રહ્યા હતા. તેમણે એ પણ માહિતી આપી હતી કે ઘાયલોને યોગ્ય તબીબી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

# ચાંગુર બાબાનું આઈએસઆઈ કનેક્શન સામે આવ્યું, દેશમાં ગેરકાયદે ધર્માંતરણ માટે ૩૦૦૦ અનુયાયીઓ સક્રિય હોવાનો ખુલાસો

લખનૌ,તા.૧૪



ગેરકાયદે ધર્માંતરણના આરોપી જલાલુદ્દીન ઉર્ફે ચાંગુર બાબા વિશે એક મોટો ખુલાસો થયો છે. ચાંગુર બાબાનું આઈએસઆઈ કનેક્શન સામે આવ્યું છે. ઉત્તર પ્રદેશ આતંકવાદ વિરોધી ટુકડી (યુપી એટીએસ) ની પૂછપરછમાં ખુલાસો થયો છે કે ચાંગુર દેશમાં લોકોનું ધર્માંતરણ કરાવવા માટે મોટા પાયે કામ કરી રહ્યો હતો. આ માટે તેણે અનુયાયીઓની આખી સેના તૈનાત કરી હતી. ચાંગુર બાબાએ ધર્માંતરણ માટે ૩૦૦૦ અનુયાયીઓને મેદાનમાં તૈનાત કર્યા હતા. ગેંગનું નેટવર્ક યુપી, બંગાળ, તમિલનાડુ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં ફેલાયેલું હતું. આ લોકો હિન્દુ હોવાનો દાવો કરીને છોકરીઓને પ્રેમમાં ફસાવતા હતા. ચાંગુર સમગ્ર દેશમાં મુસ્લિમ વસ્તી વધારવાના મિશન પર કામ કરી રહ્યો હતો. ચાંગુરે પુત્ર મહેબૂબને સમગ્ર અભિયાનનો નેતા બનાવ્યો હતો અને તેને અભિયાન પર નજર રાખવા અને તેને આગળ વધારવાની જવાબદારી સોંપી હતી. ચાંગુરે ધર્માંતરણ કરનાર નવીનને તેના પુત્ર મહેબૂબ સાથે તૈનાત કર્યો હતો, જેણે ટેકનિકલ સપોર્ટ પૂરો પાડ્યો હતો. એક ટીમ ચાંગુરને હિન્દુ છોકરીઓ વિશે રિપોર્ટ આપવાનું કામ કરી રહી હતી, જે સામાન્ય લોકોની જેમ ફરતી રહેતી હતી અને માહિતી એકઠી કરતી હતી અને પછી ચાંગુરને સંપૂર્ણ વિગતો આપતી હતી.

# એક જ દિવસમાં ૬ લોકોની હત્યાથી બિહારમાં ગુનાનો ગ્રાફ ઉંચકાયો

પટણા,તા.૧૪

બિહારમાં દરેક પસાર થતા દિવસ સાથે ગુનાનો ગ્રાફ વધી રહ્યો છે. છેલ્લા ચોવીસ કલાકમાં બિહારમાં ઓછામાં ઓછા છ લોકોની હત્યા કરવામાં આવી છે. પટણામાં એક વકીલની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી અને એક મિકેનિક પર પણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. તે જ સમયે, ચોવીસ કલાકમાં સીતામઢીમાં હત્યાની બીજી ઘટના બની હતી. જ્યાં એક ખેડૂતની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઉપરાંત, સારણમાં એક શિક્ષકની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. સમસ્તીપુરમાં એક સગીરનું ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. પૂર્ણિયામાં, પત્નીએ તેના પ્રેમી સાથે મળીને તેના પતિની હત્યા કરી હતી. એક દિવસ પહેલાની વાત કરીએ તો, ચોવીસ કલાકમાં ચાર હત્યાઓ થઈ હતી. છેલ્લા ચોવીસ કલાકમાં પટણામાં ગોળીબારની બે ઘટનાઓ પ્રકાશમાં આવી છે. પહેલી ઘટના પટણાના ગૌરીચક પોલીસ સ્ટેશન વિસ્તારની છે.

# હિન્દીને દેશને જોડતી ભાષા તરીકે જોવી જોઈએ, આ ભાષા ભારતીયો માટે નવી તકો પણ ખોલે છે : પવન કલ્યાણ

હૈદરાબાદ,તા.૧૪



આંધ્ર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી અને જનસેના પાર્ટીના વડા પવન કલ્યાણે કહ્યું કે હિન્દીને દેશને જોડતી ભાષા તરીકે જોવી જોઈએ. આ ભાષા દેશના તમામ નાગરિકો માટે નવી તકો પણ ખોલે છે. હિન્દીને પ્રાદેશિક સંસ્કૃતિઓ અથવા ભાષાઓ માટે ખતરા તરીકે જોવી જોઈએ નહીં. પવન કલ્યાણે હૈદરાબાદમાં સત્તાવાર ભાષા વિભાગના 'દક્ષિણ સંવાદ' ના સુવર્ણ જયંતિ સમારોહમાં હિન્દીનું જોરદાર સમર્થન કર્યું છે. તેમણે કહ્યું કે જો તેલુગુ આપણી માતા છે, તો હિન્દી આપણી કાકી જેવી છે. તેમણે વધુમાં કહ્યું કે જો આપણે વિદેશી ભાષાઓ શીખી શકીએ છીએ, તો હિન્દી શીખવામાં કેમ અચકાઈએ? હિન્દી આખા દેશમાં સરળતાથી સમજી શકાય છે. તેઓ પોતે સોશિયલ મીડિયા પર હિન્દીનો ઉપયોગ કરે છે. તેમણે હિન્દીને પ્રેમ કરવા, અપનાવવા અને પ્રોત્સાહન આપવા માટે પ્રતિજ્ઞા લેવાની વાત કરી.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ.પી. જે. અબ્દુલ કલામના જૂના નિવેદનનો ઉલ્લેખ કરતા પવન કલ્યાણે કહ્યું કે ભાષાએ હૃદયને જોડવું જોઈએ. આપણે હિન્દીને આ દ્રષ્ટિકોણથી જોવું જોઈએ. કાર્યક્રમમાં રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશે કહ્યું કે હિન્દીને પ્રોત્સાહન આપવાની પ્રેરણા એવા લોકો પાસેથી મળી જેમની માતૃભાષા હિન્દી ન હતી. આજે વડાપ્રધાન અને ગૃહ પ્રધાન તે પરંપરાને આગળ ધપાવી રહ્યા છે. પ્રોફેસર માણિક્યંબાએ કહ્યું કે તેમના ૫૫ વર્ષના કાર્યકાળમાં તેમણે સત્તાવાર ભાષાને ખીલતી જોઈ છે.

# ઉત્તર પ્રદેશમાં ૨૪ કલાકમાં ૧૪ લોકોના મોત, રાજ્યમાં ચોમાસાએ તબાહી મચાવી

લખનૌ,તા.૧૪

દેશભરમાં ચોમાસું સંપૂર્ણપણે સક્રિય થઈ ગયું છે. પર્વતોથી મેદાનો સુધી વરસાદ અને પૂરની અસર દેખાય છે. મેદાનોથી પર્વતો સુધી ચોમાસાની આફતનો કહેર દેખાય છે. ઉત્તર પ્રદેશમાં પણ હવામાનનો મિજાજ બદલાઈ ગયો છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદ વચ્ચે તેને લગતી ઘટનાઓમાં ૧૪ લોકોના મોત થયા છે. વરસાદને કારણે થયેલી ઘટનાઓમાં, ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં ૨૪ કલાકમાં ૧૪ લોકોના મોત થયા છે. માહિતી અનુસાર, આ લોકો વીજળી પડવા, ડૂબવા અને સાપ કરડવા સહિત વિવિધ ઘટનાઓમાં મૃત્યુ પામ્યા છે. રાહત કમિશનર કાર્યાલય તરફથી મળેલા અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે. કાર્યાલયે જણાવ્યું છે કે મૃતકોના પરિવારોને યોગ્ય વળતર આપવામાં આવશે. મૃત્યુની આ ઘટનાઓ શનિવારે રાત્રે ૮ વાગ્યાથી રવિવારે રાત્રે ૮ વાગ્યા દરમિયાન નોંધાઈ છે.

# દિલ્હીમાં બે મિત્રોએ એકબીજા પર છરી વડે હુમલો કરતા બંનેના મોત

નવીદિલ્હી,તા.૧૪



પશ્ચિમ દિલ્હીના તિલક નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રવિવારે મોડી રાત્રે એક સનસનાટીભરી ઘટના પ્રકાશમાં આવી. પરસ્પર ઝઘડામાં બે મિત્રોએ એકબીજા પર છરીઓથી હુમલો કર્યો, જેના કારણે બંનેના ઘટનાસ્થળે જ મોત થયા. મૃતકોની ઓળખ સંદીપ અને આરિફ તરીકે થઈ છે, જેઓ ખ્યાલા બી બ્લોકના રહેવાસી હતા. ઘટનાની જાણ થતાં જ ખ્યાલા પોલીસ અને તિલક નગર પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને કેસની તપાસ શરૂ કરી હતી. શરૂઆતની માહિતી મુજબ, સંદીપ અને આરિફ એક જ શેરીમાં તેમના પરિવાર સાથે રહેતા હતા અને ગાઢ મિત્રો હતા. બંને પરિણીત હતા. બંને વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો થયો. વિવાદ એટલો વધી ગયો કે બંનેએ એકબીજા પર છરીઓથી હુમલો કર્યો. પોલીસના જણાવ્યા અનુસાર, સંદીપનો પ્રોપર્ટીનો વ્યવસાય હતો અને તે પહેલા જીમ ટ્રેનર હતો. બંને પરિણીત હતા અને તેમને બાળકો છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ગભરાટનું વાતાવરણ સર્જાયું છે. બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે દીન દયાળ ઉપાધ્યાય હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

# ટ્રેનના તમામ કોચ અને એન્જિનમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે : રેલ મંત્રાલય

નવીદિલ્હી,તા.૧૪

ભારતીય રેલવેએ મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા માટે એક મોટું પગલું ભર્યું છે. રેલવેએ તમામ પેસેન્જર કોચમાં સીસીટીવી કેમેરા લગાવવાનો નિર્ણય લીધો છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે મુસાફરોની સલામતીને પ્રાથમિકતા આપતા, ભારતીય રેલવેના તમામ ૭૪,૦૦૦ કોચ અને ૧૫,૦૦૦ એન્જિનમાં સીસીટીવી કેમેરા લગાવવા સૂચના આપવામાં આવી છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને કેન્દ્રીય રેલવે રાજ્યમંત્રી રવનીત સિંહ બિટ્ટુએ ઉત્તરી રેલવેમાં ટ્રાયલ ધોરણે સ્થાપિત સીસીટીવી કેમેરાના ફાયદાઓની સમીક્ષા કર્યા બાદ આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, મુસાફરોની ગોપનીયતા સુનિશ્ચિત કરવા માટે, સામાન્ય ટ્રાફિકવાળા વિસ્તારોમાં, મુખ્યત્વે દરવાજા પાસે સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. દરેક રેલ્વે કોચમાં કુલ ચાર સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે, જેમાંથી દરેક પ્રવેશદ્વાર પર બે કેમેરા હશે.

# શ્રાવણના પહેલા સોમવારે દેશના મંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી, હર હર મહાદેવના નારા ગુંજી ઉઠ્યા

નવીદિલ્હી,તા.૧૪



શ્રાવણના પહેલા સોમવારે દેશભરના શિવ મંદિરોમાં ભક્તોની ભીડ જામી હતી. કાશીથી ઉજ્જૈન સુધી જલાભિષેક માટે ભક્તોની લાંબી કતાર લાગી ગઈ હતી. દેશભરના શિવ મંદિરો હર હર મહાદેવ અને બમ બમ ભોલેના નારાથી ગુંજી ઉઠયા હતાં આ આખો મહિનો ભગવાન શિવને સમર્પિત છે. ભક્તો આ દિવસે ઉપવાસ અને પૂજા વિધિઓ રાખે છે. એવું માનવામાં આવે છે કે આ મહિનામાં, દેવી ગૌરીની તપસ્યાથી પ્રસન્ન થઈને, ભગવાન શિવ પ્રગટ થયા અને દેવી ગૌરીને તેમની પત્ની તરીકે સ્વીકાર્યા. એવું પણ કહેવાય છે કે દર વર્ષે, દેવોના ભગવાન, મહાદેવ પણ આ મહિનામાં તેમના સાસરિયાના ઘરે જાય છે. આવી સ્થિતિમાં, આ આખો મહિનો ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે. શ્રાવણ મહિનાના પહેલા સોમવારે લખનૌના મનકામેશ્વર મંદિરમાં આરતી કરવામાં આવી હતી.

# કેરળમાં નિપાહ વાયરસથી વધુ એક મોત થતા આરોગ્ય વિભાગમાં ચિંતા


કોચ્ચી,તા.૧૪

કેરળમાં નિપાહ વાયરસના વધુ એક સંભવિત કેસથી ચિંતા વધી છે. પલક્કડ જિલ્લાના ૫૭ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને શંકા છે કે તે નિપાહ વાયરસથી સંક્રમિત હતો. આને ધ્યાનમાં રાખીને, સરકારે તાજેતરમાં તેના સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરવા સાથે વિસ્તારમાં દેખરેખ વધારી દીધી છે. રાજ્યના આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે જણાવ્યું હતું કે મૃતક પલક્કડ જિલ્લાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો. તેમના નમૂનાઓનું પરીક્ષણ મંજેરી મેડિકલ કોલેજમાં કરવામાં આવ્યું હતું, જ્યાં નિપાહ વાયરસના ચેપના પ્રારંભિક સંકેતો મળી આવ્યા હતા.

સરકાર હવે પુણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી (NIV) ના પુષ્ટિ અહેવાલની રાહ જોઈ રહી છે. તાજેતરના દિવસોમાં કેરળમાં નિપાહ વાયરસ સંબંધિત મૃત્યુનો આ બીજો શંકાસ્પદ કેસ છે.

# ગલવાન અથડામણ પછી જયશંકરે બેઈજિંગમાં ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ સાથે મુલાકાત કરી

(એચ.એસ.એલ),બીજીંગ,તા.૧૪



ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકર ચીનની મુલાકાતે છે. જયશંકરે બેઈજિંગમાં ચીનના ઉપરાષ્ટ્રપતિ હાન ઝેંગ સાથે મુલાકાત કરી છે. છેલ્લા ૫ વર્ષમાં જયશંકરની આ પહેલી ચીન મુલાકાત છે. આ મુલાકાતનો હેતુ ભારત અને ચીન વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાનો છે તેમજ ૨૦૨૦ માં ગાલવાન ખીણમાં થયેલા સંઘર્ષ પછી બગડેલા સંબંધોને પાટા પર લાવવાનો છે. જયશંકર તિયાનજિનમાં શાંઘાઈ સહયોગ સંગઠનના વિદેશ પ્રધાનોની બેઠકમાં હાજરી આપશે અને ચીનના વિદેશ પ્રધાન વાંગ યી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો પણ કરશે. વિદેશ મંત્રી એસ જયશંકરની ચીન મુલાકાત પણ ખાસ છે કારણ કે ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ વચ્ચે ચીને પાકિસ્તાનને લશ્કરી સહાય આપી હતી. દરમિયાન, ૨૦૨૦ થી ૨૦૨૫ દરમિયાન ભારત-ચીન સંબંધોમાં વિશ્વાસનો અભાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. સરહદ વિવાદ પર તણાવ ચોક્કસપણે ઓછો થયો છે, પરંતુ તેની ઊંડી અસર હજુ પણ દેખાઈ રહી છે. જ્યાં એક સમયે ભારત-ચીન સંબંધોમાં સહયોગની શક્યતા હતી, ત્યાં હવે સાવધાની અને અંતરનું વાતાવરણ છે. બંને દેશો હજુ પણ વાત કરી રહ્યા છે, પરંતુ સંબંધો પહેલા જેવા નથી.

# પીએમ મોદી અને આરએસએસ પર અપમાનજનક કાર્ટૂન પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી

નવીદિલ્હી, તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) પર અપમાનજનક કાર્ટૂન બનાવવાના આરોપમાં ધરપકડ કરાયેલા કાર્ટૂનિસ્ટની આગોતરા જામીન અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. સોમવારે સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ સુધાંશુ ધુલિયા અને અરવિંદ કુમારની બેન્ચે કાર્ટૂનિસ્ટના વલણ પર સખત નારાજગી વ્યક્ત કરી અને સમાજમાં સંવાદિતા બગડવા અંગે ચિંતા વ્યક્ત કરી. કેસની સુનાવણી મંગળવાર સુધી મુલતવી રાખવામાં આવી હતી. ન્યાયાધીશ સુધાંશુ ધુલિયા અને ન્યાયાધીશ અરવિંદ કુમારની બેન્ચે કહ્યું, "તમે આ લોકોનું વલણ જોયું છે. તેમની પાસે કોઈ સંવેદનશીલતા નથી. ન્યાયાધીશ ધુલિયાએ કહ્યું કે તમે આ બધું કેમ કરો છો? કાર્ટૂનિસ્ટનું પ્રતિનિધિત્વ કરતી વકીલ વૃંદા ગ્રોવરે દલીલ કરી હતી કે જો કાર્ટૂન ખરાબ કે હલકી ગુણવત્તાનું હોય, તો પણ શું તે ગુનો છે? તેમણે કહ્યું, "તે વાંધાજનક હોઈ શકે છે.

# લંડનના સાઉથેન્ડ એરપોર્ટ પર ટેકઓફ કરતી વખતે વિમાનમાં ભીષણ આગ લાગી


(એચ.એસ.એલ),લંડન,તા.૧૪



લંડન સાઉથેન્ડ એરપોર્ટ પર ટેકઓફ કરતી વખતે એક નાનું કોમર્શિયલ જેટ વિમાન ક્રેશ થયું હતું, જેના કારણે આકાશમાં કાળા ધુમાડાના વાદળ છવાઈ ગયા હતા અને મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. લોકોએ ઘટનાસ્થળે 'વિશાળ અગ્નિનો ગોળો' જોયો, જેમાંથી કાળો ધુમાડો નીકળતો હતો. વિમાનની ઓળખ B200 સુપર કિંગ એર તરીકે કરવામાં આવી છે, જે નેધરલેન્ડ્સના લેલીસ્ટેડ જવાનું હતું. ફ્લાઈટરાડરના ફ્લાઈટ ડેટા અનુસાર, રનવે પરથી ઉડાન ભર્યા પછી તરત જ વિમાન ક્રેશ થઈ ગયું. ઘટના સમયે વિમાનમાં કેટલા લોકો સવાર હતા તે હજુ સુધી સ્પષ્ટ નથી. એરપોર્ટ નજીક હાજર લોકોએ જણાવ્યું હતું કે પ્રચંડ વિસ્ફોટ પછી ભારે આગ ફાટી નીકળી હતી અને ધુમાડાના કાળા વાદળો જોવા મળ્યા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. સ્કાય ન્યૂઝ દ્વારા પ્રસારિત કરાયેલા એક નિવેદનમાં, એસેક્સ પોલીસે જણાવ્યું હતું કેઃ ×અમને સાંજે ૪ વાગ્યા પહેલા ૧૨ મીટર લાંબા વિમાન સાથે અથડામણનો અહેવાલ મળ્યો હતો... અમે ઘટનાસ્થળે તમામ કટોકટી સેવાઓ સાથે નજીકથી કામ કરી રહ્યા છીએ, અને આ કાર્ય ઘણા કલાકો સુધી ચાલુ રહેશે. સ્થાનિક સાંસદ ડેવિડ બર્ટન-સેમ્પસન, જે સાઉથએન્ડ વેસ્ટ અને લેહનું પ્રતિનિધિત્વ કરે છે.

# ગાઝામાં પાણી ભરતા બાળકો પર ઈઝરાયેલનો હુમલો, ૮ બાળકો સહિત ૪૩ લોકોના મોત

જેરુસલેમ, તા.૧૪



ગાઝા પટ્ટીમાં એક શરણાર્થી શિબિરમાં પાણી ભરતા બાળકો પર ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલામાં ઘણા લોકો માર્યા ગયા. મૃતકોમાં મોટાભાગના બાળકો હતા. તે જ સમયે, ઈઝરાયેલની સેનાએ આ હુમલાને માનવીય દુર્ઘટના ગણાવતા સ્પષ્ટતા કરી કે તે ટેકનિકલ ખામીને કારણે થયું હતું, અમારું લક્ષ્ય ક્યાંક બીજે ક્યાંક હતું. અમે આ ઈરાદાપૂર્વક કર્યું નથી. ઈમરજન્સી સર્વિસના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈઝરાયેલની મિસાઈલથી આઠ બાળકો સહિત ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા હતા અને ૧૭ અન્ય ઘાયલ થયા હતા. તમને જણાવી દઈએ કે ગાઝા તાજેતરના અઠવાડિયામાં પાણીની તીવ્ર તંગીનો સામનો કરી રહ્યું છે. ઈંધણની અછતને કારણે, ગટર વ્યવસ્થા પણ કામ કરતી બંધ થઈ ગઈ છે, જેના કારણે લોકો જાહેર પાણી વિતરણ કેન્દ્રો પર નિર્ભર બની ગયા છે અને પાણીની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ગાઝા સિવિલ ડિફેન્સ એજન્સીના પ્રવક્તા મહમૂદ બસલે જણાવ્યું હતું કે રવિવારે ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ૪૩ લોકો માર્યા ગયા હતા, જેમાંથી ૧૧ ગાઝા શહેરના એક બજાર પર થયેલા હુમલામાં માર્યા ગયા હતા. મધ્ય ગાઝામાં નુસેરાત શરણાર્થી શિબિરમાં પાણી વિતરણ કેન્દ્ર પર ડ્રોન હુમલામાં પણ દસ લોકો માર્યા ગયા હતા.

# રાજકીય ડ્રામા : મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયા અંતે રાજીનામુ આપ્યા વગર પરત ફર્યા

ગાંધીનગર,તા.૧૪



ગાંધીનગર વિધાનસભાની બહાર સોમવારે ભાજપના ધારાસભ્ય કાંતિ અમૃતિયાનો હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો. વાજતેગાજતે ઢોલનગારા લઈને રાજીનામું આપવા નીકળેલા કાંતિભાઈ અંતે રાજીનામું આપ્યા વગર પરત ફરી ગયા હતા. તેમણે કહ્યું કે, ગોપાલ ઈટાલિયા આવે તો હું પણ રાજીનામું આપી દઉં. સમગ્ર ડ્રામામાં ગોપાલ ઈટાલિયા સંપર્ક વિહોણા થયા. ગોપાલ ઈટાલિયા તરફથી કોઈ પ્રતિક્રિયા ન આવી. રાજીનામાના નામે ભાજપના ધારાસભ્ય કાંતિ અમૃતિયાનું રાજકીય નાટક સોમવારે જોવા મળ્યું. મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયા વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાને આપેલા પડકારને પૂર્ણ કરવા માટે આજે ગાંધીનગર પહોંચ્યા હતા. કાંતિ અમૃતિયા પોતાના સમર્થકોની લગભગ ૧૦૦થી વધુ ગાડીના વિશાળ કાફલા સાથે ગાંધીનગર પહોંચ્યા હતા, કાંતિ અમૃતિયાએ ગોપાલ ઈટાલિયાના રાજીનામાની રાહ જોઈ હતી. પોતાના વચન પ્રમાણે ભાજપના મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયા રાજીનામું આપવા પહોંચ્યા હતા. અગાઉ કાંતિ અમૃતિયાએ સોમવારે રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. કાંતિ અમૃતિયાએ ગોપાલ ઈટાલિયાને રાજીનામું આપવા પડકાર ફેંક્યો હતો. ત્યારે કાંતિ અમૃતિયા પોતાના સમર્થકો અને ઢોલ નગારા સાથે ગાંધીનગર રાજીનામું આપવા પહોંચી ગયા હતા અને ગોપાલ ઈટાલિયાની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ ગોપાલ ઈટાલિયા આવ્યા ન હતા.

# અમરેલીની લીલીયા ચોકડીથી સાવરકુંડલા ચોકડી સુધી ગોઠણસમા ખાડાથી વાહનચાલકો પરેશાન

અમરેલી તા. ૧૪



**મુખ્ય માર્ગ પર મસમોટા ખાડા તંત્રને દેખાતા નથી, વાહન ચાલકોમાં રોષ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના તમામ ક્ષતિગ્રસ્ત માર્ગ રિપેર કરવા માટે કડક સૂચના આપી છે. જોકે રાજ્ય સરકારને સારું લગાડવા માટે તંત્ર અમુક માર્ગો પર પેચવર્ક કરી તેમના ફોટા સોશિયલ મીડિયામાં મૂકી પોતાની કામગીરીના ગુણગાન ગાય રહ્યું છે પરંતુ જમીન પરની વાસ્તવિકતા કંઈક અલગ જ છે. જેમાં અમરેલીની લીલીયા ચોકડીથી સાવરકુંડલા ચોકડી સુધી આવેલા માર્ગ પર ગોઠણસમા ખાડાઓ હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. લીલીયા ચોકડીને પસાર કરતા જ વાહનચાલકોને માઠી દશા બેઠી હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. લીલીયા ચોકડીથી સાવરકુંડલા ચોકડી સુધી ગોઠણસમા ખાડાઓ પડેલા હોવાથી કાર સહિતના વાહનો તેમાં ખાબકતા વાહનોને ભારે નુકસાન થઈ રહ્યું છે. જેમાં ગઈકાલે જ એક પરિવાર કાર લઈને સાવરકુંડલા તરફ જતો હતો ત્યારે અંધારામાં ગોઠણસમા ખાડામાં કાર ખબકતા કારને ભારે નુકસાન થયું હતું અને પરિવારને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તંત્રને આટલા મોટા ખાડા દેખાતા નથી જેથી માર્ગ મકાન ખાતાની કામગીરી પર સવાલો ઉભા થયા છે.

# આખી ભાજપ સરકાર રાજીનામુ આપે પછી ચૂંટણી કરાવો : આપ

અમદાવાદ,તા.૧૪




ગુજરાતની જનતાએ કાંતિ અમૃતિયાના રાજીનામાનો હાઈવોલ્ટેજ ડ્રામા જોયો. ત્યારે રાજનામાની વાતને આમ આદમી પાર્ટીના નેતાઓએ રાજકીટ નાટક ગણાવ્યું. આપના નેતા પ્રવીણ રામે કહ્યું કે, આખી સરકાર રાજીનામું આપી દો અને પછી ચૂંટણી કરાવો. રોડ રસ્તાની બિસ્માર હાલત, ગંભીરા બ્રિજની હાલત, યોજનાના કૌભાંડોથી લોકોનું ધ્યાન ભટકાવવા માટે કાંતિકાકા અને ભાજપે નૌટંકી કરી છે. જાત્રાએ જતા હોય તેમ બધા લોકો તેમને મૂકવા આવ્યા હતા. બધા લોકોના ચહેરા પર હાસ્ય હતું, આ બધાના ચહેરા પર જે રીતે હાસ્ય હતું તે જોઈ બધાને લાગતું હતું કે, કાંતિકાકા રાજીનામું આપે તો કાંટો મોરબીમાંથી નીકળી જાય.

# રાજ્યમાં નકલી લાયસન્સના કૌભાંડનો એટીએસ દ્વારા પર્દાફાશ : ૭ આરોપીઓની કરાઈ ધરપકડ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૪

ગુજરાત એટીએસે વધુ એક નકલી હથિયાર લાયસન્સ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેમાં યુપીમાંથી નકલી હથિયાર લાયસન્સ જારી કરવામાં આવી રહ્યા હોવાનું બહાર આવ્યું છે. ગુજરાત ATSએ આ કૌભાંડમાં સંડોવાયેલા ૭ આરોપીઓની ધરપકડ કરી છે, પોલીસે હથિયારો કેવી રીતે જારી કરવામાં આવી રહ્યા હતા તે જાણવા માટે પૂછપરછનો દોર શરૂ કર્યો છે.



ગુજરાત એટીએસે ૭ આરોપીઓની ધરપકડ કરી છે. શોલે સિંહ સેંગર, વેદ પ્રકાશ સિંહ સેંગર, મુકેશ સિંહ, રાજેન્દ્ર સિંહ, વિજય સિંહ, અભિષેક ત્રિવેદી, અજય સેંગરની ધરપકડ કરવામાં આવી છે, જેમની પાસેથી એટીએસએ ૭ રિવોલ્વર અને ૨૬૧ જીવતા કારતૂસ જપ્ત કર્યા છે.

ઉત્તર પ્રદેશમાંથી નકલી હથિયાર લાયસન્સ કૌભાંડનો પર્દાફાશ થયો છે. એટીએસએ કૌભાંડમાં સંડોવાયેલા ૭ આરોપીઓની ધરપકડ કરી છે. ગુજરાતના અમદાવાદના વસ્ત્રાલ, મેઘનાનગર, અડાલજ વિસ્તારોમાંથી ૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. એટીએસે અગાઉ પણ હથિયાર લાયસન્સ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ બધા હથિયારો નાગાલેન્ડથી મંગાવવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં કુલ ૨૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને લાગે છે કે આ કૌભાંડ ફક્ત ગુજરાત પૂરતું મર્યાદિત નથી પરંતુ ભારતના અન્ય જિલ્લાઓમાં પણ ફેલાયેલું છે.

# રાજ્યમાં ગંભીરા બ્રિજ અકસ્માતના પીડિતોને રૂ.૬૨ લાખની સહાયનું વિતરણ કરાયું

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતના વડોદરામાં મુજપુર-ગંભીરા બ્રિજ અકસ્માતના પીડિતોને ૬૨ લાખ રૂપિયાની આર્થિક સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે. મૃતકોના પરિવારોને ૪ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી છે. હકીકતમાં, રાજ્ય સરકાર અકસ્માતમાં જીવ ગુમાવનારાઓના પરિવારો અને ઘાયલોને નાણાકીય સહાય પૂરી પાડવા પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે જાહેર કરેલી નાણાકીય સહાય હેઠળ ઉપલબ્ધ યાદી મુજબ, અસરગ્રસ્ત લોકોને કુલ ૬૨ લાખ રૂપિયાના ચેકનું વિતરણ કરવામાં આવ્યું છે. અકસ્માતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, તાત્કાલિક નાણાકીય સહાય મંજૂર કરવામાં આવી હતી.


## હાર્દિક અભિનંદન

પ્રજા માટે કામ કરવાની કુનેહ અને ધગશથી અમરેલી શહેરના જીવાદોરી સમાન ઠેબી ડેમ સંપૂર્ણ ભરવા જમીન સંપાદન માટે રૂ. ૧૩.૬૦ કરોડ મંજૂર કરાવી અમરેલી શહેર અને આજુબાજુના વિસ્તારની વર્ષો જુની માંગણી સંતોષવા બદલ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને ખૂબ ખૂબ અભિનંદન.....


**કૌશિકભાઈ વેકરીયા**
નાયબ મુખ્ય દંડક - ગુજરાત વિધાનસભા

: શુભેચ્છક :
**વનરાજભાઈ કોઠીવાળ**
પૂર્વ પ્રમુખશ્રી, અમરેલી તાલુકા પંચાયત
સંગેશ્યામ મોટી ડેલી,
મુ. નાના માચીયાળા, તા.જી. અમરેલી


# રાજ્યના જીઆઈડીસીમાં કરોડોનું કૌભાંડ થયું હોવાનો ખુલાસો

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧૪

સરકારના મહત્વના વિભાગ જીઆઈડીસીમાં કરોડોનું કૌભાંડ બહાર આવ્યું છે. તપાસમાં ચીફ ઈજનેર રમેશ ભગોરાના કાર્યકાળમાં આ કૌભાંડ થયું હોવાનું બહાર આવ્યું છે. જેમાં પ્રિન્સિપલ એકાઉન્ટ જનરલના ઓડિટ અહેવાલમાં ધડાકો થયો હતો. જેમાં ટેન્ડર પ્રક્રિયામાં ભગોરા દ્વારા ગોટાળા કરી કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. રાજ્ય સરકારના નિમાયેલા ઓડિટરે



કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

તપાસમાં શરતો બદલી પોતાની માનીતી કંપનીઓને કોન્ટ્રાક્ટ આપ્યા હોવાનું પણ સામે આવ્યું છે.

જેમાં રૂ. ૩૫ કરોડની રકમ ડાયરેક્ટ મંજૂર કરી હોવાના આક્ષેપ થયા છે. અગાઉ રમેશ ભગોરા વિરૂદ્ધ મુખ્યમંત્રી સુધી આ ફરિયાદ પહોંચી હતી. હાલ સમગ્ર કૌભાંડ બાબતે અલગ અલગ ચર્ચાઓ ચકડોળે ચઢી છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા
“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩”
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

જુલાઈ -૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની અગત્યની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા.(₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| ૪ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

જુલાઈ -૨૦૨૫ માસનું વિતરણ તારીખ ૩૧/૦૭/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

KALPATARU

ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

“My Ration” મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે “My Ration” મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી કુંવરજીભાઈ બાવળીયા**
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration " મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે


# આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વિવિધ આરોગ્યલક્ષી પ્રકલ્પોનું ઉદ્ઘાટન

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે ટ્રોમા સેન્ટરમાં CT સ્કેન મશીન, OPD બિલ્ડિંગમાં નવું રજીસ્ટ્રેશન કાઉન્ટર, ફાર્મસી કાઉન્ટર, ૧૨૦૦ બેડ હોસ્પિટલ ખાતે બાળકો માટેનો બગીચો “ચાલો રમીએ”નું ઉદ્ઘાટન, તથા ૧૨૦૦ બેડમાં CT સ્કેન મશીનનું ઉદ્ઘાટન કર્યુ હતું. આરોગ્ય મંત્રી પટેલે હોસ્પિટલના વિવિધ વિભાગની મુલાકાત લીધી હતી તથા ૧૨૦૦ બેડ ખાતે આયોજિત વિભાગના વિવિધ ડોક્ટરો સાથેની બેઠકમાં સહભાગી થયા હતા. સિવિલ હોસ્પિટલ, અમદાવાદના ટ્રોમા સેન્ટર ખાતે ઈમરજન્સીમાં સારવાર માટે આવતા દર્દીઓને તાત્કાલિક રેડીયોલોજીકલ સેવાઓ મળી રહે તે માટે ટ્રોમા સેન્ટર ગ્રાઉન્ડ ફ્લોરનાં ઈન્ફ્રાસ્ટ્રકચરમાં જરૂરી સુધારા વધારા કરી ૧૨૮ સ્લાઈડ્સનું સીટી સ્કેન મશીન પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે.


કોઈપણ નંબરવાળા ચશ્મા બનાવતા પહેલા અમારા શો-રૂમની મુલાકાત અચૂક લો...

તમને ફાયદો થશે તેની ૧૦૦% ગેરંટી

નંબરવાળા ચશ્મા માત્ર Rs. 699 માં 2 જોડી

● અન બ્રેકેબલ ● સારી ક્વોલીટીની ફ્રેમ સાથે ● UV પ્રોટેક્શન ● બ્લુ કટ ગ્લાસવાળા (Power-6.00-2.00 સુધી) બનાવી આપવામાં આવશે.

કોઈપણ ચશ્મા-ફ્રેમ ગોગલ્સ કે કોન્ટેક લેન્સ અમારા કરતા વ્યાજબી ભાવે મળે તો ......

RN ચશ્મા વાલા આપના પૈસા પરત....
દુ.નં. ૬૩, જીલ્લા પંચાયત રોડ, અમરેલી. મો. ૯૪૦૯૯ ૯૯૯૮૦



POLO PLUS પોલો પ્લસ CONTAINERS

અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....

100 - 150
200 - 300
લીટર માં ઉપલબ્ધ

૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ

500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ

9 YEAR WARRANTY

૧૪ વર્ષ ની ગેરંટી

વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૭૮૯૯૬૯૮૮